*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૪૯

## અનંત ચૈતન્યદીવડા પ્રગટાવો

## આનંદમય દીવાળી સવાયા આત્મલાભ

આત્મામાં ચૈતન્ય -દીવડા પ્રગટે અને ભગવાન મહાવીર જે માર્ગે નિર્વાણ પામ્યા તે માર્ગરૂપે આ આત્મા પણ પરિણમે – એ સાચો નિર્વાણમહોત્સવ છે, એ સાચી દીવાળી છે. ગુરુદેવના પ્રતાપે એ માર્ગ આપણને મળ્યો છે. મહાવીર પરમાત્મા જેવું આપણું પરમાત્મતત્ત્વ આપણી ચેતનાપરિણતિમાં બિરાજી રહ્યું છે અને તે ચેતના અનંતા આનંદ – દીવડાથી ઝગઝગાયમાન છે.

અહો, આનંદમય સમ્યક્ત્વપ્રકાશથી શોભતું ચૈતન્યપ્રભાત એ જ સાચું સુખમય સુપ્રભાત છે. એવા સુપ્રભાતી – સંતોને નમસ્કાર કરીએ છીએ, તેમના મંગલ – આશીષ લઈને 'સવાયા આત્મલાભ' ની ભાવના ભાવીએ છીએ.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૯, કારતક (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૩૦ : અંક ૧

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

णमो अरिहंताणं ।
णमो सिद्धाणं ।
णमो आइरियाणं ।
णमो उवज्झायाणं ।
णमो लोए सव्वसाहूणं ।



અહો, પંચપરમેષ્ઠી ભગવંતો !

આપને નમસ્કાર કરતાં અપાર આનંદ થાય છે.... આપના પરિવારમાં આવે તે, આપને સાચા જ નમસ્કાર કરી શકે. આપને નમસ્કાર કરીને પ્રભો ! અમે આપના પરિવારમાં આવ્યા.... આપના માર્ગમાં આવ્યા.... સંસારની સંગતિમાંથી છૂટા પડીને અમે આપની પવિત્ર પંક્તિમાં આવ્યા.

ધન્ય આપનો માર્ગ ! જે આપના માર્ગમાં આવ્યો તે સંસારના બીજા કોઈ માર્ગ પ્રત્યે કદી લલચાય નહીં; જે આપને નમ્યો તે જૈનમાર્ગ સિવાય બીજે ક્યાંય નમે નહીં. અહો, ધન્ય અમારું જીવન કે અમને પંચપરમેષ્ઠીનો પરિવાર મળ્યો. પ્રભો ! આપની મંગલછાયામાં અમારા 'આત્મ-ધર્મ' વિકસે, અમારા રત્નત્રય ખીલે... ને વૃદ્ધિગત થઈને કેવળજ્ઞાન સુધી પહોંચે.... એ જ મંગલ પ્રાર્થના છે.

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા
વર્ષ : ૩૦
અંક : ૧




વીર સંવત
૨૪૯૯
કારતક
NOVE.
1972



# સાધકના ભગવાન

પ્રભો ! આપ મોક્ષ પધાર્યા... સિદ્ધાલયવાસી થયા...... ક્ષેત્રે ભલે દૂર થયા પણ અમારા જ્ઞાનથી આપ દૂર નથી, પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વરૂપે આપ અમારા જ્ઞાનમાં વર્તી જ રહ્યા છો.. અને અમારું આ જ્ઞાન આપના ઉપર મીટ માંડીને, આપના પગલે – પગલે, આપના આનંદમાર્ગે આવી જ રહ્યું છે..... ક્ષણે ક્ષણે વિરહ તૂટતો જાય છે, અંતર ઓછું થતું જાય છે.

આપ અત્યારે ભરતક્ષેત્રમાં ભલે ન હો, પણ આપનાં પગલાં તો અહીં શોભી જ રહ્યા છે, આપનો માર્ગ તો ચાલી જ રહ્યો છે.... અહા ! કેવો સુંદર છે આપનો માર્ગ ! કેવા સુંદર છે આપના માર્ગે ચાલનારા જીવો ! પ્રભો ! આપના આ માર્ગે ચાલતાં અમને આનંદ થાય છે. અને એમ થાય છે કે વાહ દેવ ! આપ તો સાધકના હૃદયમાં સદા બિરાજમાન છો...... આપ ખરેખર સાધકના ભગવાન છો..... અમારા ભગવાન છો...... નમસ્કાર છે આપને.... અને આપના માર્ગને.... અમેય આનંદથી એ માર્ગે આવી રહ્યા છીએ.

# સુવર્ણધામમાં મંગલ દીપાવલી પર્વ

( પરમ સ્વભાવની ભાવના વડે આત્મામાં ચૈતન્યદીવડા પ્રગટ કરો )

આસો વદ અમાસ

આજે વીર–નિર્વાણનું ૨૪૯૯ મું વર્ષ બેઠું. વીરપ્રભુજી આજે અભૂતપૂર્વ સિદ્ધપદ પામ્યા; ગૌતમગણધર આજે જ અપૂર્વ કેવળજ્ઞાન પ્રગટ કરીને અરિહંત થયા; સુધર્મસ્વામી આજે જ શ્રુતકેવળી થયા.....એ રીતે આજે મોક્ષદીવડા પ્રગટયા.....કેવળજ્ઞાનદીવડા પ્રગટયા ને શ્રુતજ્ઞાનના દીવડા પ્રગટયા. આવા મંગલ–ચૈતન્યદીવડાની હારમાળા પ્રગટવાનો દિવસ એટલે દીપમાલિકા પર્વ. અહા, આજે અઢીહજાર વર્ષે એ ચૈતન્યદીવડાને યાદ કરતાં પણ મુમુક્ષુને કેવો આનંદ થાય છે! એની કેવી ભાવના જાગે છે! તો એ આનંદમય ચૈતન્યદીવડા જેને અસંખ્યપ્રદેશે ઝગઝગી ઊઠયા તેના આનંદની શી વાત!!

ધન્ય છે આપણા આ મહાવીરશાસનને – કે જેમાં આપણને આજેય એવા દિવ્ય ચૈતન્યદીવડાથી ઝગઝગતા આત્માઓ નજરે જોવા મળે છે. વીરપ્રભુના માર્ગમાં અંધારું નથી, આજેય એ ઉજ્જવળ માર્ગ જ્ઞાનના પ્રકાશથી ઝળકી રહ્યો છે.... ને હજારો વર્ષો સુધી પ્રકાશમાન જ રહેવાનો છે.

‘માર્ગ’ તો હતો જ... અનાદિથી ચાલી જ રહ્યો છે ને અનંતકાળ ચાલુ જ રહેવાનો છે. આજે ગુરુદેવે આપણને એ માર્ગ દેખાડયો..... ઉન્માર્ગેથી પાછા વાળીને આપણને વીરમાર્ગે ચડાવ્યા... એ માર્ગે જતાં આનંદ થાય છે.

આજે મંગલદીપાવલીની સવારમાં જ, મીઠા જળથી પૂરા ભરેલા શ્રીફળના બહાને ગુરુદેવે પૂર્ણઆનંદથી ભરેલા આત્માને યાદ કરીને તેનો પરમ મહિમા પ્રસિદ્ધ કર્યો. અહા, પૂર્ણ આનંદથી ભરેલા આત્મામાં પરભાવનો કોઈ ખખડાટ ક્યાં છે? આવા પૂર્ણાનંદથી ભરેલો આત્મા તે પોતે મંગળ છે, તેનું સ્મરણ અને ભાવના કરવા તે મંગળ છે.

રંગબેરંગી દીવડાથી ઝગમગતા જિનમંદિરમાં ભક્તિભરેલા વાતાવરણમાં નિર્વાકલ્યાણકસંબંધી મહાપૂજન થયું. ભગવાનની મોક્ષદશા એટલે આનંદ–પ્રમોદ દશા. 'મોદ' એટલે આનંદ; રત્નત્રયના ફળમાં ભગવાન મહાન આનંદ–પ્રમોદ પામ્યા, તેના સ્મૃતિચિહ્નરૂપે ત્રણ – મોદક (નિર્વાણ લાડુ) જિનમંદિરમાં સ્થાપન કર્યાં, ને મોક્ષ પ્રત્યેનો પ્રમોદ મુમુક્ષુઓએ વ્યક્ત કર્યો; અહો વીરનાથ! અમને મોક્ષનો માર્ગ બતાવીને આપ તો મોક્ષપુરીમાં સિધાવ્યા. આપનો તે માર્ગ, આપનું તે શાસન આજેય જીવંત વર્તે છે – જયવંત વર્તે છે. ચોથાકાળે આપે બતાવેલા માર્ગે અમે પંચમકાળના જીવો પણ આવી રહ્યા છીએ.

પ્રવચનમાં નિયમસારની ૧૧૯મી ગાથા દ્વારા, મોક્ષના કારણરૂપ ભાવના બતાવતાં ગુરુદેવે કહ્યું કે આ આત્મા પૂર્ણ આનંદસ્વભાવથી ભરેલો, પરમ પારિણામિકભાવ, તેની ભાવના તે મોક્ષનું કારણ છે. આ પરમસ્વભાવની ભાવનામાં નિશ્ચય વ્રત – સમિતિ – પ્રાયશ્ચિત વગેરે બધા ધર્મો સમાઈ જાય છે. અહો, આવો સ્વભાવ બધા જીવોમાં છે. તેની સન્મુખ થઈને ભાવના કરનાર જીવ અત્યંત આસન્નભવ્ય છે. આવા સ્વભાવની ભાવના વડે ભગવાન મોક્ષ પામ્યા. હે જીવ! તું પણ આવા સ્વભાવની ભાવના કર, તો તારી પર્યાય અંતરમાં વળે ને તારામાં ચૈતન્યદીવડારૂપ દિવાળી પ્રગટે. આત્મસ્વભાવની ભાવનામાં જે અતીન્દ્રિય આનંદનાં અમૃત ભર્યા છે તે જ દિવાળીનાં અપૂર્વ પકવાન છે. આ દીવાળીના ઊંચા પકવાન પીરસાય છે.

અહો, જેને મુક્તિ એકદમ નજીકમાં થવાની છે, એવા અતિ આસન્ન ભવ્ય જીવો પોતાના પરમાનંદમય સહજ સ્વભાવને ભાવે છે. ચૈતન્યની ભાવનાના આનંદ પાસે જગતના રાજા – મહારાજાના વૈભવની શી ગણતરી છે! અરે, એકવાર તો આશ્ચર્ય કરીને આત્માને જોવા આવ, – કે કેવો છે આત્મા? જેનાં આટલા વખાણ ને મહિમા જ્ઞાનીઓ કરે છે તે આત્મા અંદર કેવો છે! તેને જોવાનું કુતૂહલ તો કર. એને દેખતાં તું ન્યાલ થઈ જઈશ.

આજે દીવાળીની ખુશાલીમાં, ગ્રંથાધિરાજ શ્રી સમયસારની નવી આવૃત્તિ ફરી છપાવવાનું ગુરુદેવના આશીર્વાદપૂર્વક નક્કી થયું, ને તેની સહાય માટે રૂા. ૧૧૦૦૩ (અગિયાર હજારને ત્રણ) મુમુક્ષુઓ તરફથી જાહેર કરવામાં આવ્યા હતા.

## જ્ઞાનીનું જ્ઞાન રાગનું કર્તા થાય - તે વાત અશક્ય છે

બપોરે સમયસારની ૯૩ મી ગાથાના પ્રવચનમાં, જ્ઞાનમાં કર્મનું અકર્તાપણું છે – તે વાત સમજાવી. અહો, જીવનો ચેતનસ્વભાવ, તેને અનુભવનાર જ્ઞાનીનું જ્ઞાન રાગરૂપે થતું નથી એટલે તે રાગને કરતું નથી. તેનું જ્ઞાન તો જ્ઞાનપણે જ રહે છે. જ્ઞાનરૂપે પરિણમ્યો તે રાગને કેમ કરે? જ્ઞાનભાવનું રાગરૂપે થવું અશક્ય છે. જ્યારે સ્વ-પરની ભિન્નતા જાણે, જ્ઞાન અને રાગની ભિન્નતા જાણે, ત્યારે આવી જ્ઞાનદશા પ્રગટે, ને તે જીવને ધર્મી કહેવાય. તે ધર્મીજીવ જ્ઞાનનો જ કર્તા છે, ને જ્ઞાનથી અન્ય રાગાદિ કોઈ ભાવને તે આત્મારૂપે કરતો નથી, તેને આત્માથી જુદા જ જાણે છે.

– આવું જ્ઞાન તે કર્મની ઉત્પત્તિનું કારણ નથી, એટલે તે મોક્ષનુ કારણ છે. આવા જ્ઞાનની ક્રિયાવડે ભગવાને મોક્ષને સાધ્યો. તું પણ મોક્ષને માટે આવા જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખ.

"રાગ તો દશમા ગુણસ્થાન સુધી હોય છે ને!' – ભલે હોય, પણ તે રાગ રાગપણે છે, તે કાંઈ જ્ઞાનપણે નથી. રાગ અને જ્ઞાનની ભિન્નતાનું જ્ઞાન તો ચોથાગુણસ્થાનથી જ થઈ જાય છે. રાગ હોય તેથી તે રાગ કરતાં કરતાં જ્ઞાન થશે – એમ કોણે કહ્યું? જ્ઞાનસ્વરૂપ આત્માવડે રાગરૂપ કે જડરૂપ પરિણમવું અશક્ય છે, એટલે જેણે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણ્યો તેના વડે જડરૂપ કે રાગરૂપ થવું અશક્ય છે; રાગનું કર્તાપણું તે તો અજ્ઞાનનું કામ છે, જ્ઞાનમાં તો તે અશક્ય છે. – જુઓ, આવું અલૌકિક જ્ઞાન પ્રગટ કરવું તે સાચી દીવાળી છે.

રાગમાં એવી તાકાત નથી કે તે જ્ઞાનમાં ઘૂસીને જ્ઞાનરૂપ થાય, અને જ્ઞાનનું એવું સ્વરૂપ છે કે તે કદી રાગરૂપ થાય તે વાત અશક્ય છે. જ્ઞાન અને રાગના આવા વિશેષને (એટલે કે અત્યંત ભિન્નતાને) જ્ઞાની જ જાણે છે.

ખરો આત્મા જ તેને કહેવાય કે જે જ્ઞાનભાવરૂપ પરિણમે; જ્ઞાનભાવમાં રાગ ન સમાય.

રાગના કર્તાપણે થનારો ભાવ તે તો અજ્ઞાનભાવ છે, તેને ખરેખર આત્મા કહેતા નથી.

જ્ઞાની તો જ્ઞાનસ્વરૂપ થયો, તે જ્ઞાનાત્મા જરાય અજ્ઞાનસ્વરૂપ પરિણમતો નથી એટલે રાગરૂપે તે જરાય થતો નથી. સર્વભાવોમાં જ્ઞાનત્વ જ પ્રકાશે છે. આવા જ્ઞાનમાં રાગ કે કર્મબંધન છે જ નહીં.

અહા, આત્માના ચૈતન્યભાવની શી વાત? એ ચૈતન્યની ઝલકનાં તેજ બહારની દ્રષ્ટિથી પરખાય નહીં. જેમ હીરા–મોતીનાં પાણી પટેલીયાની પછેડીથી ન પરખાય, તેમ ચૈતન્યહીરાની અચિંત્ય ચમક, તે રાગવડે ન પરખાય; રાગ તો પર તરફનો ભાવ છે તેના વડે સ્વભાવ કેમ પરખાય? રાગથી જુદા પડેલા ને સ્વ તરફ વળેલા ભાવ વડે જ આત્મસ્વભાવ પરખાય છે. અનંતગુણનાં પાસાથી ચૈતન્યહીરો ચળકી રહ્યો છે. – એમાં જેની પર્યાય વળી તેને આત્મામાં સદાય દીવાળી જ છે.

## જ્ઞાનને પ્રસિદ્ધ કરતું મંગલ સુપ્રભાત

બેસતાવર્ષે મંગલરૂપે જ્ઞાનને પ્રસિદ્ધ કરતાં ગુરુદેવે કહ્યું કે જગતમાં જે જે જ્ઞેયો જણાય છે તેઓ જ્ઞાનને જ પ્રસિદ્ધ કરી રહ્યા છે. કેમકે જ્ઞાનમાં જ તે બધા જણાય છે. જ્ઞાનના અસ્તિત્વ વગર કંઈ પણ જણાય નહિ. જ્ઞેયો કાંઈ જ્ઞાનસ્વરૂપ નથી, પણ જ્ઞેયો જણાવાપણું જ્ઞાનના જ અસ્તિત્વમાં છે. આમ જ્ઞાનપણે પોતાની અનુભૂતિ કરતાં આત્મા અનુભવાય છે. જ્ઞાનની અનુભૂતિ આબાલગોપાલ સૌને થાય છે, પણ તેમાં ‘આ જ્ઞાનની અનુભૂતિ છે તે હું છું’ એમ જ્ઞાની પ્રતીત કરતો નથી. જે જે પદાર્થો જણાય છે તેનું જ્ઞાન તે હું છું– એમ જ્ઞાનપણે પોતે પોતાને જાણવો – અનુભવવો તે અપૂર્વ સુપ્રભાત મંગલ છે.

ભાઈ, જ્ઞાનનું અસ્તિત્વ છે તે તું જ છો. તારા જ્ઞાનરૂપ અસ્તિત્વ વગર જ્ઞેયો જણાય શેમાં? જ્ઞેયો તો તારામાં નાસ્તિરૂપ છે, તારું અસ્તિત્વ તો જ્ઞાનરૂપ છે. – આવા જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિવડે આત્મામાં આનંદમય નવું વર્ષ બેસાડ.

નિયમસાર ગાથા ૧૧૯ ના પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે અહો, આત્મા પરમસ્વભાવથી પરિપૂર્ણ છે, તેની સન્મુખ પરિણતિરૂપ જે ભાવના છે તેમાં સામાયિક – પ્રતિક્રમણ – ક્ષમા – તપ વગેરે બધા ધર્મો સમાઈ જાય છે; એટલે પરમ સ્વભાવની અભેદ ભાવનામાં બધા ધર્મો સમાઈ જાય છે, માટે આત્માના તે પરમસ્વભાવને અવલંબનારા ભાવરૂપ ધ્યાન તે સર્વસ્વ છે. આખું જૈનશાસન તેમાં સમાઈ જાય છે.

અહો, આત્માના પરમસ્વભાવના મહિમાની શી વાત! તેની ભાવના એ જ બેસતા વર્ષની શ્રેષ્ઠ બોણી છે. દેવ–ગુરુ – શાસ્ત્રોએ પણ આ પરમ સ્વભાવનો મહિમા ગાયો છે, તેથી આ પરમસ્વભાવી આત્માને દ્રષ્ટિમાં લઇને તેની ભાવના કરતાં તેમાં દેવ–ગુરુ–શાસ્ત્રની આજ્ઞા પણ આવી ગઈ.

**આવા ચૈતન્યસ્વભાવની જેણે ભાવના કરી તેણે પોતાના આત્મામાં મોક્ષનો મંગળકુંભ મુક્યો.**

આત્મા ત્રિકાળ આનંદમૂર્તિ પરમ કળાસહિત છે; આવા આત્માની ભાવના તે પણ પરમ કળા છે, તે આનંદસહિત છે. આત્મા એકલા ચૈતન્ય પ્રકાશનો પુંજ, તેની ભાવનાવડે પર્યાયમાંથી અનાદિના અજ્ઞાન અંધકારનો નાશ થયો ને આનંદમય અનંતકળા સહિત સુપ્રભાત ઊગ્યું. આવા આત્માને ધ્યાવતાં – અલ્પકાળે સંસારનો અંત આવીને મુક્તિ થાય છે.

(બેસતા વર્ષે વીતરાગવિજ્ઞાન પુસ્તકનો ત્રીજો ભાગ પૂ. ગુરુદેવના મંગલહસ્તે પ્રકાશિત થયો હતો. બેંગલોરથી નવા વર્ષના ખુશખબર તરીકે શ્રી મનહરભાઈ લખે છે કે બેંગલોરમાં સમવસરણ –જિનમંદિર બનાવવા માટે જગ્યા લીધી છે ને કબજો મલી ગયો છે.

## ચૈતન્યને સાધવાનો ઉત્સાહ

જેને ચૈતન્યને સાધવાનો ઉત્સાહ છે તેને ચૈતન્યના સાધક ધર્માત્માને દેખતાં પણ ઉત્સાહ અને ઉમળકો આવે છે: અહા! આ ધર્માત્મા ચૈતન્યને કેવા સાધી રહ્યા છે! એમ તેને પ્રમોદ આવે છે, અને હું પણ આ રીતે ચૈતન્યને સાધું – એમ તેને આરાધના ને ઉત્સાહ જાગે છે.

# અમારું પરમાત્મતત્ત્વ અમને સતત સુલભ છે પ્રસિદ્ધ છે.

( આસો વદ ચોથના પ્રવચનમાંથી )

**સ્વાનુભવ - પ્રસિદ્ધ સ્વતત્ત્વમાં નમેલા ધર્માત્મા સંસારના પ્રપંચથી પરાંગ્મુખ છે ને આનંદમય મોક્ષની સન્મુખ છે.**

સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે મારા અંતરમાં મારું સહજ તત્ત્વ આનંદસહિત જયવંત વર્તે છે. મારું આ સહજ તત્ત્વ મને સદાય સુલભ છે. મારું શાંત – નીરાકૂળ ચૈતન્યપ્રકાશી તત્ત્વ મારી અનુભૂતિમાં આવી ગયું છે તેથી તે વિદ્યમાન છે, જયવંત છે.

જુઓ, આ સમ્યગ્દ્રષ્ટિની અનુભૂતિ! અનુભૂતિમાં અનંતગુણો નિર્મળપણે ખીલ્યા છે, ચૈતન્યનું આખું નંદનવન ખીલી ઊઠયું છે. એ નંદનવનમાં જે પ્રવેશ્યો તેને હવે સંસારના તાપ કેવા? અહા, શાંતિના બરફનો ઢગલો, શાંતિનો હિમાલય તે સમ્યગ્દ્રષ્ટિનું ઘર છે, શાંતિના ઘરમાં ધર્મી પ્રવેશી ગયા છે.... ત્યાં હવે સ્વતત્ત્વ તેને દૂર ન રહ્યું, અનુભૂતિમાં આવી ગયું – પ્રસિદ્ધ થયું, તેથી તે હવે દુર્લભ નથી. પોતાનું તત્ત્વ પોતાને દુર્લભ કે અપ્રસિદ્ધ કેમ હોય? જાણ્યું ન હતું તેથી દુર્લભ અને અજાણ્યું લાગતું હતું, પણ અંતર્મુખ થઈને હવે જાણ્યું કે હું તો આ પરમતત્ત્વ છું, – ત્યાં તે પોતાને સુલભ અને પ્રસિદ્ધ થયું. શાસ્ત્રો જેનો અગાધ મહિમા વર્ણવે છે તે હું જ છું – એમ જાણતાં પોતાનું તત્ત્વ પોતાને સુલભ થઈ ગયું – પર્યાયમાં પ્રસિદ્ધ થઈ ગયું. 'અહો, મારું આવું સરસ અચિંત્ય તત્ત્વ! ' એમ ધર્મી સદાય નિજભાવના ભાવે છે.... અચિંત્ય મહિમા લાવીને ફરી ફરી તેમાં ઉપયોગ જોડે છે.

મારું સહજ તત્ત્વ, વાણી અને મનના માર્ગથી અત્યંત દૂર છે; તેના સ્વીકારમાં મનનું કે વાણીનું અવલંબન જરાય નથી. અહા, આવું અનુભૂતિગમ્ય મારું તત્ત્વ.... કે જે સ્વાનુભૂતિવડે મારામાં પ્રસિદ્ધ થયું છે, તે તત્ત્વને મનના વિકલ્પો સાથે પણ મેળ નથી, ત્યાં બહારમાં બીજાની શી વાત? બહારના જગત સાથે મારા અંતર્તત્ત્વને કાંઈ સંબંધ નથી. અનંત આનંદ અને શાંતિનું ધામ – એવું જે સ્વઘર, તેમાં જ મારા સહજ તત્ત્વનો વાસ છે.

અહા, આવું તત્ત્વ નિરંતર જયવંતપણે પોતામાં દેખ્યું ત્યાં ધર્મીને જગતની સાથે શું પ્રયોજન રહ્યું? અહા, મારા ભગવાનના મને ભેટા થયા. – એમ સમ્યગ્દ્રષ્ટિને પોતાનું નિર્મળ પરમતત્ત્વ સદાય પોતામાં હાજર વર્તે છે, શ્રદ્ધામાં – જ્ઞાનમાં સદાય પ્રસિદ્ધ વર્તે છે. સ્વાનુભવ–પ્રસિદ્ધ આવા સ્વતત્ત્વમાં નમેલા ધર્માત્મા જગતના બાહ્ય પ્રપંચોથી પરાંગ્મુખ છે..... ને આનંદમય મોક્ષની સન્મુખ છે.

# अनुभवका अवसर आ चुका है।

પં. ટોડરમલ્લજી લખે છે કે 'અધ્યાત્મરસના રસિક જીવો બહુ જ થોડા છે; ધન્ય છે તેમને જેઓ સ્વાનુભવની વાર્તા પણ કરે છે. ' અહા! સ્વાનુભવની ચર્ચા કરે તેને પણ ધન્ય કહ્યા, તો જેઓ સ્વાનુભૂતિરૂપે સાક્ષાત્ પરિણમ્યા છે એવા સંતના મહિમાની શી વાત! એવા અનુભવી જીવોનો સાક્ષાત્ સત્સંગ મળ્યો એ કેવા ધન્ય ભાગ્ય!

અહા, અધ્યાત્મરસની આવી વાત! આત્માના પરમ પ્રેમથી એની વિચારધારા, એનો નિર્ણય, ને એનો અનુભવ, એ જ કરવા જેવું છે, એકાંતમાં, એટલે મનમાંથી બીજી બધી ચિંતાનો ક્લેશ છોડીને, પ્રસન્નચિત્તે એને માટે અભ્યાસ કરવો જોઈએ. આ મનુષ્ય ભવમાં ખરું કરવા જેવું આ જ છે, ને અત્યારે ખરો અવસર છે.

**'अब अवसर आ चुका है'**

# નિજભાવના... નિજભાવના... નિજભાવના

નિયમસાર દ્વારા કુંદકુંદાચાર્યદેવે ચૈતન્યપરમતત્ત્વની નિજભાવનાનું જે ઊંડુંઊંડું ઘોલન કર્યું છે તેનો આ સુંદર નમૂનો છે. અહો, આ પરમતત્ત્વની નિજભાવનાનું ઘોલન આનંદકારી છે. આવી નિજભાવના - અર્થે જ શાસ્ત્રની રચના છે.

(નિયમસાર કળશ ૧૪૩ થી ૧૫૧ ના પ્રવચનમાંથી)

આત્માનો પરમ ચૈતન્યભાવ બતાવીને આચાર્ય દેવ કહે છે કે અહો! અમારા આવા પરમ સ્વભાવની ભાવના–અર્થે, વારંવાર તેના ઘોલન–અર્થે આ શાસ્ત્ર રચાયું છે. અહો, આવા પરમ સ્વભાવની ભાવના કરવા જેવી છે. રાગાદિ પરભાવોની ભાવના તો જીવે અનંતકાળથી ભાવી છે, પણ રાગથી પાર એકલા જ્ઞાયકરસથી ભરેલા પોતાના પરમ સ્વભાવની ભાવના જીવે કદી પૂર્વે ભાવી ન હતી. તેની ભાવનામાં અપૂર્વ અતીન્દ્રિય આનંદ છે. અહીં 'ભાવના' તે વિકલ્પરૂપ નથી પણ અંદર નિર્મળ પરિણતિની એકાગ્રતારૂપ આ ભાવના છે; આ ભાવના તે ભવના નાશનું કારણ છે.

કર્મના સંબંધવાળા જેટલા અશુદ્ધભાવો છે તેનાથી ભિન્ન પોતાના પરમ શુદ્ધ ભાવને જાણીને તેની ભિન્નતાનો જે સદા અનુભવ કરે છે તે ધર્મીજીવને સદાય પરભાવના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે. આ પ્રત્યાખ્યાન–અધિકારમાં છેલ્લે નવ કળશદ્વારા પરમતત્ત્વની ભાવના ભાવી છે.... નિજ–ભાવનામાં પરમ ચૈતન્યતત્ત્વને ફરીફરીને મલાવ્યું છે.

ચૈતન્યનો મહા આનંદ તો જગતમાં પ્રસિદ્ધ છે... તે આનંદ સહજ ચૈતન્યતત્ત્વની ભાવનામાં ધર્મીને વ્યક્ત અનુભવાય છે. અહા, આવા મહાન આનંદ પાસે સંસારના ક્લેશને તો કોણ ઈચ્છે? ચૈતન્યસુખને ચુકીને જેઓ વિષય–કષાયોમાં સુખ માટે ઝાંવા નાંખે છે તેઓ તો જડબુદ્ધિ છે.

અહો, જિનેન્દ્રભગવાનની વાણી પરભાવોથી ભિન્ન, અનંતગુણનું ધામ એવું ચૈતન્યતત્ત્વ બતાવીને તેની ભાવના કરાવે છે....ભાવના એટલે તેમાં અંતર્મુખ પરિણતિ થતાં જે અદ્‌ભુત શાંતિ અનુભવાય છે તે શાંતિ પાસે રાગ–પુણ્ય કે પુણ્યનાં ફળ એ કાંઈ જીવને જરાય ઈષ્ટ લાગતું નથી. પોતાનો શાંતસ્વભાવ જ તેને ઈષ્ટ લાગે છે, તેને જ તે ભાવે છે.

## ધર્મીને પર્યાયે – પર્યાયે આનંદ..... આનંદ વર્તે છે.

અહા, સુખના ધામ ચૈતન્યતત્ત્વમાં જ્ઞાનને જોડતાં તેના ફળમાં સાદિઅનંત કાળનું અનંતસુખ પ્રગટે છે. માટે હે ભવ્યશાર્દૂલ! હે ચૈતન્યવીર! તારી મતિમાં આવા ચૈતન્યતત્ત્વને તું શીઘ્ર ધારણ કર. તેના ફળમાં જે મહાન શાશ્વત આનંદ–આનંદ પ્રગટે છે તે મોક્ષનો મહા આનંદ જગતમાં પ્રસિદ્ધ છે. ચૈતન્યમાં જેણે ચિત્ત જોડયું છે તે ધર્મીને તો પર્યાયે – પર્યાયે સર્વત્ર આનંદ.... આનંદ....આનંદ છે, ને અસંખ્યસમયમાં તે મોક્ષના અનંત મહા આનંદને પામે છે; ત્યારે ચૈતન્યથી વિમુખ એવા અજ્ઞાની બહિરાત્માને પર્યાયે – પર્યાયે દુઃખ – દુઃખ છે, ને તે ઘોર સંસારમાં ભમે છે. – આમ જાણીને મોક્ષના મહાન આનંદને કોણ ન ઇચ્છે? અને ભવના ક્લેશને કોણ ચાહે?

ચૈતન્યનો મહા આનંદ જ્ઞાનીઓને પોતામાં સહજ સુલભ છે, ને અજ્ઞાનીઓને તે પરમ દુર્લભ છે.

જ્ઞાનીના શ્રદ્ધામાં – જ્ઞાનમાં– આનંદમાં સર્વત્ર પરમ તત્ત્વ અત્યંત નીકટ વર્તે છે, અજ્ઞાનીઓને તે તત્ત્વ પરમ દૂર છે.

જ્ઞાનીને ચૈતન્યના પરમ સુખ પાસે કષાયો દુર્લભ લાગે છે, અજ્ઞાનીને કષાયો સુલભ છે ને ચૈતન્યસુખ દુર્લભ છે.

અહા, મારો આત્મા અચિંત્ય મહાન આનંદનો સમુદ્ર છે. શાશ્વત આનંદનો સમુદ્ર હું, તેમાંથી સમયે – સમયે અનંત આનંદનો ધોધ નીકળવા છતાં કદી ખૂટે નહિ – ઘટે નહિ; – આવા આનંદના ગંભીર સમુદ્રમાં ચિત્તને જોડયા પછી, સંસારના કોઈ પરભાવમાં અમારું ચિત્ત લાગતું નથી. અમારા આનંદમાં અમારું ચિત્ત લાગ્યું છે – તે જ અમને પ્રિયમાં પ્રિય વહાલી ચીજ છે. અરે, ચૈતન્યસુખનો સ્વાદ જેણે ચાખ્યો નથી એવા મૂર્ખ જીવો જ જડ વિષયોમાંથી ને રાગમાંથી સુખ લેવાની ઇચ્છા કરે છે. પરમાંથી સુખ લેવાની ઇચ્છા જ્ઞાનીને કદી થતી નથી, એને તો બીજાની અપેક્ષા વગરના પોતાના સ્વાધીન ચૈતન્યસુખને અનુભવ્યું છે.... મહાન આનંદનો ઊછળતો સમુદ્ર પોતામાં જ જોયો છે.

અહા, ચૈતન્યના આનંદના જે વૈભવ પાસે ઇન્દ્રલોકના વૈભવને તૂચ્છ સમજીને ઇન્દ્રો જેનું શ્રવણ કરવા આ મનુષ્યલોકમાં ભગવાનની સભામાં આવે, તે વૈભવની શી વાત! પ્રભુ! આવા આનંદ – વૈભવવાળો તું છો, તને વિષયોમાં સુખની ભીખ માંગવાનું

શોભતું નથી. તું પોતે ક્યાં આનંદથી ખાલી છો–કે બીજા પાસે તારે આનંદની ભીખ માંગવી પડે? તું પોતે તો આનંદનો જ બનેલો છો, આનંદસ્વરૂપ જ તું છો, તારા આનંદસરોવરમાં ડુબકી મારને!! તને મહા આનંદ તારામાં જ અનુભવાશે.

## પરમતત્ત્વ પ્રત્યેનો પ્રમોદ

મુનિરાજ પરમ તત્ત્વ પ્રત્યેના પ્રમોદથી કહે છે કે અહા! અમારી અનુભૂતિમાં બિરાજમાન આ સહજ આનંદમય પરમ તત્ત્વ, તેને હું પ્રમોદથી – આનંદથી નિરંતર નમું છું. અમારું આ તત્ત્વ જ પોતે ભવથી તરવાની નૌકા છે; પરમશાંત એવું આ અમારું તત્ત્વ જ સંસારના ક્લેશને ઠારી નાંખનારું જળ છે. આવું સહજ તત્ત્વ અમારા અંતરમાં પર્યાયે – પર્યાયે જયવંત વર્તી રહ્યું છે, સાક્ષાત્ વિદ્યમાનપણે જ્ઞાનમાં વર્તી રહ્યું છે. અમારી જ્ઞાનપરિણતિમાં રાગ જયવંત નથી રહ્યો, તેનો તો ક્ષય થઈ ગયો છે, ને જ્ઞાનપરિણતિમાં ચૈતન્યભગવાન પરમ તત્ત્વ જ જયવંતપણે બિરાજી રહ્યું છે. જ્યાં આવું પરમ તત્ત્વ બિરાજે ત્યાં ભેગો રાગ કેમ રહી શકે? અંતર્મુખ થયેલી અમારી જ્ઞાનપરિણતિમાં રાગાદિ સમસ્ત પરભાવોનું પ્રત્યાખ્યાન જ છે.

આત્માને અનુભવનાર ધર્માત્મા કહે છે કે અહો! આવું અમારું પરમ તત્ત્વ, તેમાં અમે અતિશય પ્રમોદથી નમ્યા છીએ; અને તેને અનુભવીને આનંદિત મનપૂર્વક અમે સર્વે પરભાવોને પ્રમોદથી છોડયા છે.

## ધર્માત્માની પર્યાયમાં પરમાત્માની પ્રસિદ્ધિ

જેની દ્રષ્ટિમાં–જ્ઞાનમાં પરમચૈતન્યતત્ત્વ સાક્ષાત્ રમી રહ્યું છે, –એવા ધર્મીની શ્રદ્ધા–જ્ઞાનપરિણતિ કહે છે કે અહા, પ્રમોદથી અમે અમારા પરમ તત્ત્વમાં નમ્યા, અમારે તો આ પરમ તત્વ જ જયવંત વર્તે છે; ભગવાન પરમાત્મા અમારી પર્યાયમાં પ્રસિદ્ધ થયા છે તેથી તે જયવંત છે. જે હાજર હોય, વિદ્યમાન હોય તેને જયવંત કહેવાય જેના સ્વસંવેદનજ્ઞાનમાં પરમાત્મતત્ત્વ અનુભવમાં આવ્યું છે તેને માટે તે ખરેખર જયવંત છે, પ્રસિદ્ધ છે, પ્રગટ છે. છે તો બધાય જીવોમાં આવું પરમતત્ત્વ, પણ પર્યાયમાં પોતે અંતર્મુખ થઈને તેને દેખે ત્યારે તેને ખબર પડે કે અહા! હું તો આવા પરમ સ્વભાવે જ જયવંત છું. છે તેને જાણ્યા વગર 'જયવંત' કહેશે કોણ? ધર્મીની પર્યાયે અંતર્મુખ થઈને પરમ ચૈતન્યપ્રભુને પોતાનો નાથ બનાવ્યો ને તેની સાથે અભેદ થઈ ત્યારે તે એમ અનુભવે છે કે આ પરમાત્મતત્ત્વપણે હું જયવંત છું. મારામાંથી મોહ–અંધારા ટળી ગયા, ને જ્ઞાનપ્રકાશ ખીલી ગયો. આત્મા પોતાના નિજરસથી જ એટલે કે સહજસ્વભાવથી જ જ્ઞાનપ્રકાશરૂપ છે. –ધર્મીને પર્યાયમાં પણ તેવું પરિણમન થઈ ગયું છે.

અહા, જુઓ તો ખરા આ પરમ તત્ત્વનો મહિમા! ભાઈ, તું પોતે જ આવો છે. એકવાર અનુભવમાં તો લે. વચનથી કે વિકલ્પોથી તેનો પાર પડે તેમ નથી, પણ

**સ્વાનુભવમાં જ્ઞાનીને પર્યાયે-પર્યાયે તે પ્રસિદ્ધ અનુભવાય છે, અત્યંત નીકટ છે. એ પરમ તત્ત્વ ક્યાંય દૂર નથી, છૂપાયેલું નથી, તારામાં પ્રસિદ્ધ છે... તું જ પોતે આવો છો -એમ અનંત તીર્થંકરોએ જિનવાણીમાં જાહેર કર્યું છે. અંતર્મુખ થઈને તું પણ તારા સ્વાનુભવમાં આવા પરમ તત્ત્વને પ્રસિદ્ધ કર.**

## ઊંડે..... ઊંડે..... ઊંડે

મારા આત્મામાં ઊંડે - ઊંડે ક્યાંય રાગ -દ્વેષ - દુઃખ નથી, મારા આત્મામાં ઊંડે ઊંડે એકલા જ્ઞાન-આનંદ-શાંતિના જ ભંડાર ભર્યા છે. સિદ્ધપદનો અનંત આનંદ, કેવળીનું મહા અતીન્દ્રિયસુખ મારા ભંડારમાં ભર્યું છે. આવા સ્વભાવસન્મુખ થઈને હું તો મોક્ષની નાવમાં બેઠો છું.....હવે હું ભવસમુદ્રને તરીને મોક્ષપુરીમાં જાઉં છું. સંસારસમુદ્રના કોઈ સંકટ હવે અમને નડી શકે નહીં. સર્વક્લેશને સ્વાનુભવ-જળવડે શાંત કરી દીધો છે.

## "રત્નકુંખ"

અમારું આ સહજ તત્ત્વ અવું છે કે જેની કુંખે સમ્યગ્દર્શન-રત્ન પાક્યા, જ્ઞાનરત્ન પાક્યા, આનંદરત્ન પાક્યા. મોક્ષમાર્ગનાં આવા સુંદર રત્નો ચૈતન્યની જ કુંખે પાકે, એ રાગની કુંખે ન પાકે.

## "અમારો દેશ"

અહા! ચૈતન્યમાં આવતાં, આ ક્લેશમય સંસારના દેશથી દૂરદૂર કોઈ બીજા જ મહા આનંદમય દેશમાં આવ્યા હોઈએ-એવું વેદાય છે. એ દેશ દૂર નથી, અહીં જ છે. સંસારથી તો તે અત્યંત દૂર-દૂર છે પણ અંદર આત્મામાં તો અત્યંત નજીક જ છે. સર્વપ્રદેશે મહા આનંદથી ભરેલો આત્મા એ જ મારો સ્વદેશ છે. -એમ ધર્મી જાણે છે. આવો આત્મા જેણે શ્રદ્ધામાં લીધો તેણે પર્યાયનાં પગલાં મોક્ષ તરફ માંડયા, તે મોક્ષનો યાત્રિક થયો, સિદ્ધપુરીનો પ્રવાસી થયો.

## અમારો આનંદમહેલ

અહા, ચૈતન્યનું ભાન થતાં જે આનંદ આવ્યો તેની ખુમારીની શી વાત! ભગવાનના શ્રીમુખથી જેનો પરમ મહિમા પ્રસિદ્ધ થયો એવું અજોડ આનંદ તત્ત્વ મારા મનઘરમાં બિરાજી રહ્યું છે..... ઉત્તમ રત્નદીપની માફક મારું ચૈતન્યરત્ન મારા સ્વઘરમાં નિષ્કંપ જ્ઞાનપ્રકાશ ફેલાવી રહ્યું છે, અહા, મારું ચૈતન્યતત્ત્વ સુખનું મંદિર છે. યોગીઓને પણ તે જ વહાલું છે. જેમણે દર્શનમોહ ઉપર વિજય મેળવ્યો છે એવા યોગીજનો પણ આ પરમતત્ત્વ પાસે નમી જાય છે. યોગીઓ બીજા કોઈને નથી નમતા પણ અંતર્મુખ થઈને

આ પરમતત્ત્વમાં જ પ્રમોદથી નમે છે. સુખનું ધામ, સુખનું મંદિર, સુખનો ખજાનો આ પરમ તત્ત્વ છે. આવા સહજ પરમતત્ત્વને જાણીને હું પણ તેમાં જ નમ્યો છું. વાહ રે વાહ! મારો આ જ્ઞાનમહેલ – તેમાં તો અનંતગુણોનો વાસ છે. આવા આનંદમહેલમાં અમે વસીએ છીએ. આનંદનું મંદિર અમારો આત્મા છે. જેમ ભગવાનના દર્શન કરવા મંદિરમાં જઈએ છીએ તેમ હે જીવ! તારે આનંદનાં દર્શન કરવા હોય તો તારા 'આનંદમંદિર' માં પ્રવેશ કર. મુક્તિનો મહેલ તું પોતે જ છે.

## આનંદઝરતી દિવ્ય વાણી

નિયમસાર ગાથા ૧૦૮ માં અર્હંતદેવના દિવ્યધ્વનિને 'સુંદર આનંદસ્યંદી' આનંદઝરતો કહ્યો છે, અને જીવોને સૌભાગ્યથી તેનું શ્રવણ મળે છે – એમ કહ્યું છે. જોકે વાણી તે તો વાણી જ છે, તેમાં કાંઈ આનંદ નથી પણ તે સાંભળતાં (એટલે કે તેના વાચ્યરૂપ આત્માને લક્ષમાં લેતાં) મુમુક્ષુના આત્મામાં અતીન્દ્રિય આનંદના અંકુરા ફૂટે છે, તેથી દિવ્યવાણીને પણ 'આનંદઝરતી' કહી દીધી છે. અંતરમાં જેને આનંદના ઝરણાં ઝરે – તેણે જ ખરેખર જિનવાણી સાંભળી છે. તું માત્ર શબ્દ સાંભળવા પૂરતું શ્રવણ ન રાખીશ, પણ હે જીવ! તે વાણીએ કહેલા પદાર્થસ્વરૂપના પરિજ્ઞાનમાં કુશળ થઈને અંતર્મુખ થતાં ચૈતન્યમાંથી તને આનંદના અંકુરા ફૂટશે. આ રીતે વીતરાગનાં વચનો તો પરમ શાંતરસનું ઝરણું ઝરે એવાં છે. અહા! એ વાણીદ્વારા સંતોએ વીતરાગી આનંદ પીરસ્યો છે. – આવી જિનવાણીનું શ્રવણ મહા સૌભાગ્યથી મળે છે.

અહા! ચૈતન્યવસ્તુનું અદ્‌ભુત સ્વરૂપ દેખાડનારી આવી વાણી ગુરુપ્રતાપે અમને સાંભળવાનું સૌભાગ્ય મળ્યું અને તે સાંભળીને અમારા આત્મામાંથી અતીન્દ્રિય આનંદનાં સુંદર ઝરણાં ફૂટયા, તેથી પ્રમોદથી અમે કહીએ છીએ કે આ વીતરાગની વાણી આનંદ ઝરતી છે. અહા, વીતરાગી જૈનસંતોની વાણી અંદર ચૈતન્યના પાતાળ ખોલીને તેમાંથી મહાન આનંદના ધોધ બહાર કાઢે છે. અંતરાત્મા થઈને અંદરમાં ઘૂસ્યા વગર જિનવાણીનાં રહસ્ય સમજાય તેવાં નથી. જિનવાણી વીતરાગભાવ કરાવે છે, ને વીતરાગતા સ્વસન્મુખતાથી થાય છે. સ્વસન્મુખતા સ્વ-પરના ભેદજ્ઞાન વડે થાય છે. આવું જે કરે તેને આત્મામાં સુંદર આનંદ ઝરે, અને તે જ જિનવાણીને સમજ્યો છે.

## .... ત્યારે ખબર પડી –

પર્યાયમાં શાંતિ થઈ ત્યાં ખબર પડી કે મારો આખો આત્મા શાંતિસ્વરૂપ જ છે.

પર્યાયમાં શ્રદ્ધા થઈ ત્યાં ખબર પડી કે મારો આત્મા ત્રિકાળ શ્રદ્ધાસ્વભાવી છે.

પર્યાયમાં અંશે વીતરાગતા થઈ ત્યાં ખબર પડી કે મારો આત્મા સદા વીતરાગ-સ્વરૂપ છે.

પર્યાયમાં આનંદનું જરા વેદન પ્રગટયું ત્યાં ખબર પડી કે મારો આત્મા આખો આનંદસ્વરૂપ છે.

પર્યાયમાં આલોચના પ્રગટી ત્યાં ખબર પડી કે આત્મા ત્રિકાળ સહજ આલોચના સ્વરૂપ જ છે.

પર્યાયમાં જે–જે ગુણાંશ પ્રગટયા તે–તે બધા ગુણસ્વભાવો આત્મામાં ત્રિકાળ છે.

ગુણ ત્રિકાળ બધાને છે – પણ તેનું ભાન ત્યારે થયું કે જ્યારે પર્યાયમાં તેના અંશો પ્રગટયા. તે અંશને અંશી સાથે એકતા છે, એટલે કે તે અંશ, અંશી સાથે અભેદ થઈને તેને શ્રદ્ધે છે – જાણે છે – અનુભવે છે. તેમાં વચ્ચે રાગાદિ વિષમભાવ નથી એટલે તે પરિણામ પરમ સમતારૂપ છે. પરમ શાંત સમતા પરિણામ વગર ચૈતન્યપ્રભુ દેખાય નહીં; ને ચૈતન્યપ્રભુને દેખ્યા વગર સાચી સમતા થાય નહીં. સમ્યગ્દર્શન તે પણ રાગરહિત વીતરાગી સમતારૂપ છે. પર્યાયમાં સ્વભાવના આશ્રયે વીતરાગી સમતારૂપ પરિણમન થવા માંડયું ત્યારે ખબર પડી કે અહો! આવા સમતારસનો આખો પિંડ હું છું.

## નિજગુણથી ઘેરાયેલા જ્ઞાની, જગતમાં બીજા કોઈથી ઘેરાતા નથી

અહા, હું તો મારા અનંત ગુણસ્વભાવથી ઘેરાયેલો, –ત્યાં મને બીજું કોણ ઘેરી શકે? સંયોગનો તો ઘેરો મને નથી, ને કર્મોનો કે રાગાદિ પરભાવોનો ઘેરો પણ મારા ચૈતન્યભાવમાં નથી; મારો ચૈતન્યસ્વભાવ તો શ્રદ્ધા–જ્ઞાન–આનંદ–પ્રભુતા વગેરે અનંત સ્વભાવગુણોથી ઘેરાયેલો–વીંટાયેલો–વ્યાપેલો છે. આવા સ્વભાવમાં જે ઘૂસી ગયો તેને આધિ–વ્યાધિ–ઉપાધિનો કોઈ ઘેરો રહેતો નથી ચૈતન્યને ભૂલેલા અજ્ઞાનીઓ સંયોગના ને રાગ–દ્વેષના ઘેરાથી ઘેરાઈ જાય છે; પણ, ગમે તેવા સંયોગ હો અને રાગાદિ પણ હો, છતાં તે બધાના ઘેરાથી છૂટવાનો એક જ ઉપાય છે કે સ્વભાવઘરમાં ઘૂસી જવું, –એમ જાણીને જ્ઞાની તો નિજ સ્વભાવમાં ઘૂસી જાય છે. એવા જ્ઞાની કોઈ સંયોગના ઘેરાથી ઘેરાતા નથી–મુંઝાતા નથી–સ્વરૂપને ભૂલતા નથી. આવી તો ધર્મીના એક નિઃશંક્તિ–અંગની તાકાત છે; ને એવા તો અનંતા ગુણના સમ્યક્ભાવો ધર્મીને એકસાથે વર્તી રહ્યા છે.

## વચન-વિકલ્પમાં 'હું' નથી, અનુભૂતિમાં હું છું

ચૈતન્યના અનંતગુણના મહા રસથી ભરેલા અતીન્દ્રિય આનંદનો જેને સ્વાનુભવ થયો તે ધર્મી જાણે છે કે – વચન–વિકલ્પમાં જે કાંઈ આવે છે તે બધું અધૂરું છે; વચન–વિકલ્પથી પાર જ્ઞાનની અનુભૂતિમાં જે આવે છે તે જ પૂરું છે. હે જીવ! તું એકવાર આવી અનુભૂતિનો લહાવો તો લે. અનુભૂતિમાં તારા તત્ત્વની કોઈ અદ્‌ભૂતતા દેખતાં તને અજબ–ગજબનો આનંદ થશે.

## આત્માની સાંઝી ગવાય છે.... તુંય લહાવો લે !

અહીં ગુરુદેવ પ્રમોદથી કહે છે કે અહા ! આ તો ચૈતન્યપ્રભુની સાંઝી ગવાય છે.... તારા ચૈતન્યના ગુણગાન સાંભળીને તું આ સાંઝીનો લહાવો લેવા તો આવ ! એકવાર આ તારા આત્માની વાત તો સાંભળ. તારા આત્માનાં ગાણાં સાંભળવાનો પ્રેમથી એકવાર તો લહાવો લે. – આત્માની લગનીનો આ ઉત્તમ અવસર છે.

## ધર્માત્મા ક્યાં વસ્યા છે ? – ચૈતન્મયમય આનંદધામમાં

રાગથી પાર ચૈતન્ય પરમ તત્ત્વ મહા આનંદનું ધામ છે. સમકિતી સદાય આવા આનંદના રહેઠાણમાં રહ્યા છે. કોઇ સાતમી નરકમાં રહેલો જીવ હોય, અંદર આત્માનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું હોય; લોકો તો બહારથી એમ જાણે છે કે અરે, આ નારકી છે – મહા દુઃખી છે; – પણ ભાઈ ! એને નારકી ન જાણ, એ તો અંતરમાં ચૈતન્યના મહાન આનંદધામમાં વસનારો 'દેવ' છે –ધર્માત્માં છે, જગતમાં તે સુખી છે, તે જિનેશ્વર ભગવાનના માર્ગમાં આવેલો છે. એ ધર્મી દુઃખમાં નથી વસતો, નરકમાં નથી વસતો, એ તો આનંદમય મહાન ચૈતન્યમાં જ સદાય વસે છે. – મન કે વચન જ્યાં પહોંચી શકતા નથી એવા અગોચર ચૈતન્યધામમાં તે પ્રવેશી ગયો છે. તેનું ચૈતન્યધામ યોગીઓને જ ગોચર છે, અજ્ઞાનીઓને તો તે અત્યંત દૂર છે. વિકલ્પથી ચૈતન્યતત્ત્વ આઘુ છે, તે વિકલ્પમાં આવતું નથી. ધર્મીનું જે સ્વસંવેદનજ્ઞાન તેમાં તે પરમ તત્ત્વ અત્યંત નીકટ સદા સ્પષ્ટ વર્તે છે. – તેમાં જ ધર્મી સદાય વસે છે ને ઇન્દ્રિયાતીત મોક્ષસુખને અનુભવે છે. તે જ સકળ ગુણોનું નિધાન છે, અને તે જ ધર્મીનું આનંદમય રહેઠાણ છે.

## આનંદના દરિયામાં ડુબેલા સહજ તત્ત્વની અપૂર્વ ભાવના

ધર્મી જાણે છે કે અહા ! હું અત્યંત અપૂર્વ રીતે, આનંદના સમુદ્ર એવા મારા સહજ અદ્‌ભુત તત્ત્વને ભાવું છું. આવો અદ્‌ભુત આત્મા પૂર્વે કદી મારી દ્રષ્ટિમાં આવ્યો ન હતો એટલે પૂર્વે કદી મેં તેને ભાવ્યો ન હતો, પણ હવે પરમ ગુરુના પ્રસાદથી મારું આ સહજ તત્ત્વ પ્રાપ્ત કરીને તેને જ હું અત્યંત અપૂર્વ રીતે ભાવું છે તે ભાવનામાં સુખના અમૃતનો દરિયો ઊછળે છે, – તેમાં મારો આત્મા ડુબી જાય છે, – મારા અસંખ્ય પ્રદેશો તે સુખમાં જ તરબોળ થઈ જાય છે. આ રીતે આનંદના દરિયામાં ડુબેલા સહજ તત્ત્વની અપૂર્વ ભાવના, એટલે કે તેની સન્મુખ પરિણતિ, તે જ મોક્ષસુખનો માર્ગ છે.

સુખના સાગરમાં ડુબેલું પરમ તત્ત્વ – તેમાં રાગ કેવો ? ને ભેદ કેવો ? વિભાવો છોડીને, ભેદદ્રષ્ટિ પણ છોડીને, સુખનિધાન આત્માને હું અભેદપણે ભાવું છું. – આવી

ભાવનામાં અભેદ મોક્ષમાર્ગ આવી જાય છે. વાહ! પરમેશ્વરના હૃદયનો પ્રવાહ વીતરાગી સંતોએ જૈનમાર્ગમાં વહેતો રાખ્યો છે. એવા સંતો દ્વારા મારા આ સહજ આત્મ તત્ત્વને જાણીને, આનંદના દરિયામાં ડુબેલા આ સહજ પરમ તત્ત્વને અતિ અપૂર્વ રીતે હું નિરંતર ભાવું છું. ધર્મીની આવી ભાવના તે મોક્ષનું કારણ છે.

## મોક્ષપુરીનો કિનારો દેખતાં મહા આનંદ

અહા, અનંત ભવસાગરમાં ગોથાં ખાતાં – ખાતાં જ્યાં મુક્તિનો કિનારો દેખાણો ત્યાં મુમુક્ષુના આનંદની શી વાત! ભવસમુદ્રમાં તો અનંતકાળ મહા દુઃખમાં વીતાવ્યો, પણ હવે જ્યાં વિભાવ વગરનું મારું સહજ શુદ્ધ તત્ત્વ શ્રી ગુરુએ મને દેખાડયું ત્યાં હવે મારા આવા સહજ તત્ત્વની ભાવનાવડે મને અહા આનંદમય મુક્તિનો કિનારો દેખાયો... મોક્ષપુરીના કિનારે હું આવી ગયો. હવે બાકીનો અલ્પ ભવસાગર તરીને મોક્ષપુરીમાં પહોંચતાં શી વાર!

જેમ મધદરિયે ઘણા કાળથી વહાણ ઝોલાં ખાતું હોય, ને કેટલાય દિવસો પછી નજીકમાં જમીન દેખાય ત્યાં દરિયાના પ્રવાસી આનંદિત થઈ જાય છે કે હવે દરિયાની મુસાફરીનો અંત આવ્યો, ને ઇષ્ટનગરીની નજીક આવી પહોંચ્યા....... તેમ ચાર ગતિરૂપ દુઃખમય ભવસમુદ્રમાં અનાદિકાળથી જીવ ડુબી રહ્યો હતો, –પુણ્ય–પાપ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હતો; હવે અનંતકાળે શ્રીગુરુના પ્રતાપે પરમ ચૈતન્યતત્ત્વને ઓળખતાં મોક્ષનગરીનું સુખ પોતાના અંતરમાં જ દેખ્યું, ત્યાં મુમુક્ષુજીવ પરમ આનંદિત થાય છે કે અહો, આ દુઃખયમય ભવસમુદ્રમાં ભ્રમણનો હવે મારે અંત આવી ગયો, આનંદમય મોક્ષપુરી હવે એકદમ નજીક દેખાણી. –આમ પરમતત્ત્વની ભાવના વડે તે મુમુક્ષુ સંસારસમુદ્રને અલ્પકાળમાં જ તરીને આનંદથી મોક્ષપુરીમાં પહોંચી જાય છે.

## પરમ મહાન ચૈતન્યતત્ત્વ!

અરે, આવું મહાન પરમ ચૈતન્યતત્ત્વ! તે રાગબુદ્ધિવાળા અજ્ઞાનીના હૃદયમાં કેમ બેસે? રાગમાં ને અજ્ઞાનમાં પરમેશ્વરનું સ્થાન કેમ હોય?

અને, જે જ્ઞાનીના નિર્મળ અંતરમાં આવું મહા પરમ ચૈતન્યતત્ત્વ બેઠું તેના અંતરમાંથી તે કેમ ખસે? અને વિકાર હવે તેના અંતરમાં કેમ વસે? જ્યાં પરમાત્માનો વાસ થયો ત્યાં અજ્ઞાન કે રાગ કેમ રહી શકે?

અહા, ચૈતન્યની કેવળજ્ઞાનાદિ અનંત લબ્ધિ, તેની પાસે જગતની કોઈ લબ્ધિની શી કિંમત છે?

–આવું અદ્‌ભુત પરમ ચૈતન્યતત્ત્વ હું છું – એમ લક્ષગત કરી, અનુભવગમ્ય કરી, અંતર્મુખપણે તેની વારંવાર ભાવના કરવા જેવી છે. આવી નિજભાવના તે ચૈતન્યના પરમ આહ્‌લાદનું કારણ છે....... અને તે જ વીતરાગી શાસ્ત્રનો સાર છે.

# વીતરાગવિજ્ઞાન - પ્રશ્નોત્તર

## ( છહઢાળાની ત્રીજીઢાળના પ્રવચનો ઉપરથી સંકલનઃ ગતાંકથી ચાલુ )

૭૧. પોતાના શુદ્ધઆત્માની ઓળખાણ, અને અરિહંતદેવની ઓળખાણ–તેમાં પહેલું કોણ ?
– બંને સાથે થાય છે.

૭૨. તે ઓળખાણ ક્યારે થઈ ?
જ્ઞાનપર્યાય અંતરમાં વળી ત્યારે.

૭૩. રાગ વડે મોક્ષમાર્ગ શરૂ થાય ?
ના; આત્માના અનુભવ વડે જ મોક્ષમાર્ગ શરૂ થાય.

૭૪. ચૈતન્યપ્રભુને લક્ષમાં લેતાં શું થયું ?
આત્મામાં આનંદસહિત કેવળજ્ઞાનના અંકૂરા ફૂટયા.

૭૫. શુભરાગમાંથી જ્ઞાનનો અંકૂર આવે ? – ના.

૭૬. આનંદનો માર્ગ કયો છે ?
આતમરામ નિજપદમાં રમે તે આનંદનો માર્ગ છે.

૭૭. રાગાદિભાવો કેવા છે ?
તે પરપદ છે; દુઃખનો માર્ગ છે.

૭૮. મોક્ષનો માર્ગ શેમાં સમાય છે ?
સ્વપદમાં, એટલે નિજસ્વરૂપમાં સમાય છે.

૭૯. સાધકનું સ્વસંવેદનરૂપ ભાવશ્રુતજ્ઞાન કેવું છે ?
તે કેવળજ્ઞાનની જ જાતનું છે, અતીન્દ્રિય છે.

૮૦. સમ્યક્ચારિત્ર કેવું છે ?
શુભાશુભરાગથી નિવૃત્તિરૂપ અને શુદ્ધ ચૈતન્યમાં પ્રવૃત્તિરૂપ સમ્યક્ચારિત્ર છે.

૮૧. શુભાશુભરાગ કેવા છે ?
સંસારના કારણ છે.

૮૨. સમ્યક્ચારિત્ર કેવું છે ?
મોક્ષનું કારણ છે; રાગ વગરનું છે.

૮૩. વિકલ્પમાં ચેતના છે ?... ના.

૮૪. ચેતનામાં વિકલ્પ છે ?
ના; બંનેનું સ્વરૂપ જુદું છે.

૮૫. આત્મામાં લીનતારૂપ સમ્યક્ચારિત્ર ક્યારે થાય ?
આત્માને ઓળખીને અનુભવ કરે ત્યારપછી જ.

૮૬. ચોથાગુણસ્થાને શ્રદ્ધા–જ્ઞાન સાથે ચારિત્ર હોય ?
હા, સ્વરૂપાચરણરૂપ ચારિત્ર હોય.

૮૭. મુનિદશાનું ચારિત્ર ક્યારે હોય ?
છઠ્ઠા–સાતમા ગુણસ્થાને.

૮૮. મોક્ષમાર્ગની શરૂઆત ક્યારે થાય ? ચોથા ગુણસ્થાનથી.

૮૯. આત્માને જાણ્યા વગર તેની શ્રદ્ધા થઈ શકે ?
ના; બંને સાથે જ થાય છે.

૯૦. જ્ઞાનીના જ્ઞાનમાં કેટલા નયો છે ? – અનંત.

૯૧. જ્ઞાન મોક્ષનું સાધક ક્યારે થાય ?
અંતરમાં વળીને આત્માને અનુભવે ત્યારે.

૯૨. મોક્ષમાર્ગના નિશ્ચય ને વ્યવહાર કયાં લાગુ પડે ?
જ્યાં સાચો માર્ગ પ્રગટયો હોય ત્યાં.

૯૩. અનંતકાળથી રાગ કરવાં છતાં સુખ કેમ ન મળ્યું ?
કેમકે સુખનું સાધન રાગ નથી.

૯૪. તો સુખનું સાધન શું છે ?
વીતરાગ – વિજ્ઞાન જ સુખનું સાધન છે.

૯૫. રાગથી લાભ નથી માનતો એમ ક્યારે કહેવાય ?
રાગથી જુદી ચેતનવસ્તુનું લક્ષણ કરે ત્યારે.

૯૬. કેવળ–જ્ઞાન અને શ્રુત–જ્ઞાન, બંનેની જાતમાં કંઈ ફેર છે ?
ના; બંને એક જ જાતનાં છે.

૯૭. શેમાં ઉપયોગ જોડતાં સુખ થાય ?
સુખસ્વરૂપી આત્મામાં ઉપયોગ જોડતાં સુખ થાય.

૯૮. ત્વરાથી શું કરવું ?
'સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ. '

૯૯. રાગમાં અંશે પણ આનંદ છે ?
ના; તેમાં તો દુઃખ જ છે.

૧૦૦. રાગ દુઃખ છે, દુઃખ વડે સુખ સધાય ?
ના; સુખનું સાધન પણ સુખરૂપ જ હોય.

૧૦૧. અરિહંતને ઓળખીને જીવ શું કરવા માંગે છે?
અરિહંત જેવા પોતાના જ્ઞાનસ્વભાવ તરફ ઢળવા માંગે છે.

૧૦૨. સમ્યગ્દર્શનના સહચર તરીકે કોણ હોઈ શકે?
સાચા દેવ –ગુરુ – શાસ્ત્રની જ માન્યતા હોય.

૧૦૩. વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્રો શું સિદ્ધ કરે છે?
તેઓ આત્માના સર્વજ્ઞસ્વભાવને સિદ્ધ કરે છે.

૧૦૪. આ છહઢાળા કેવી છે?
ઘરે ઘરે બાળકોને ભણાવવા જેવી છે. અહો! આવા વીતરાગી – વિજ્ઞાનનો ઘર ઘર પ્રચાર કરવા જેવો છે.

૧૦૫. જૈનસિદ્ધાંતનું તથ્ય શું છે?
જ્ઞાન–આનંદસ્વરૂપ આત્મા અનુભવમાં લેવો તે.

૧૦૬. જ્ઞાન–શ્રદ્ધા વગેરે કોઇ રાગના આશ્રયે છે?
ના; કેમકે તેઓ રાગના અંશ નથી.

૧૦૭. આત્મા આશ્રયે શું પ્રગટે?
રાગ ન પ્રગટે, પણ રાગ વગરનાં ગુણો પ્રગટે.

૧૦૮. દુઃખ વખતે આત્મામાં બીજું કાંઈ છે?
હા; આનંદનો આખો સમુદ્ર ભરેલો છે.

૧૦૯. અનંતા તીર્થંકરોએ મોક્ષમાર્ગ કઈ રીતે સાધ્યો?
સ્વસન્મુખ થઈને શુદ્ધાત્માના આશ્રયે.

૧૧૦. ત્રણેકાળના મુમુક્ષુઓને તીર્થંકરોએ શું ઉપદેશ કર્યો?
'અંતર્મુખ થઈને શુદ્ધાત્માની અનુભૂતિ કરો.'

૧૧૧. મોક્ષમાર્ગ કેટલો છે?
રત્નત્રયની જેટલી શુદ્ધતા હોય તેટલો.

૧૧૨. મોક્ષમાર્ગનો કોઈ અંશ શુભરાગને કે શરીરને આશ્રયે છે?
ના; આખોય મોક્ષમાર્ગ આત્માના જ આશ્રયે છે.

૧૧૩. તે મોક્ષમાર્ગ કેવો છે.
સરસ..... સુંદર અને સ્વાધીન છે.

૧૧૪. સરસ અને સુંદર કેમ છે?
કેમકે રાગ વગરનો છે; રાગમાં સુંદરતા નથી.

૧૧૫. નિશ્ચય સમ્યગ્દર્શન શું છે?
પરથી ભિન્ન આત્માની રુચિ તે સમ્યક્ત્વ છે.

૧૧૬. તે સમ્યક્ત્વ કેવું છે?
ભલું છે, ઉત્તમ છે, સારું છે, હિતકર છે, સત્ય છે.
૧૧૭. સમ્યગ્જ્ઞાન શું છે?
આત્મસ્વરૂપનું જાણપણુ તે સાચી જ્ઞાનકળા છે.
૧૧૮. સમ્યક્ચારિત્ર શું છે?
આત્મસ્વરૂપમાં લીનતા તે સમ્યક્ ચારિત્ર છે.
૧૧૯. સુખી થવા જીવે શું કરવુ?
આવા મોક્ષમાર્ગના ઉદ્યમમાં લાગ્યા રહેવું.
૧૨૦. સૌથી શ્રેષ્ઠ કળા કઈ?
આત્મસ્વરૂપને જાણવારૂપ જ્ઞાનકળા સૌથી શ્રેષ્ઠ છે.
૧૨૧. તે જ્ઞાનકળા કેવી છે?
આનંદની ક્રીડા કરતી – કરતી કેવળજ્ઞાનને સાધે છે.
૧૨૨. ચોથાગુણસ્થાને અવ્રતી ગૃહસ્થનું સમ્યગ્જ્ઞાન કેવું છે?
અહો! તે જ્ઞાન પણ કેવળજ્ઞાનની જાતનું જ છે. તે જ્ઞાન રાગની જાતનું નથી, રાગથી તો જુદું છે.
૧૨૩. ભગવાને શુભરાગને મોક્ષમાર્ગ કહ્યો છે?
ના; તેને તો ભગવાને બંધમાર્ગ કહ્યો છે.
૧૨૪. મોક્ષના કારણરૂપ ચારિત્ર કેવું છે?
તે શુભ–અશુભક્રિયાથી નિવૃત્તિરૂપ છે ને શુદ્ધચૈતન્યસ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ છે.
૧૨૫. શરીરની ક્રિયામાં કે રાગમાં ચારિત્ર છે? ........ ના.
૧૨૬. સાચું શ્રદ્ધાન ક્યારે થાય છે?
જ્યારે આત્મસ્વરૂપને બરાબર જાણે ત્યારે.
૧૨૭. સાચું જ્ઞાન કયું?
જે મોક્ષને સાધે......... ને આનંદ આપે.
૧૨૮. રાગને મોક્ષમાર્ગ માનવો – તે વાત કેવી છે?
તે કાચના કટકાને કિંમતી હીરો માનવા જેવું છે.
૧૨૯. મોક્ષપદ કેવું છે?
મહા કિંમતી છે; તે રાગમાં મળી જાય તેવું નથી.
૧૩૦. પહેલાં ચારિત્ર લઈ લ્યો, પછી સમ્યક્ત્વ થશે –એમ માનનાર જીવ કેવો છે?
તેને મોક્ષમાર્ગની ખબર નથી; તે સમ્યક્ત્વને કે ચારિત્રને ઓળખતો નથી.
૧૩૧. અજ્ઞાની જે રાગને મોક્ષમાર્ગ માને છે તે કેવો છે?
તે ખરેખર મોક્ષમાર્ગ નથી, તે તો સંસારમાર્ગ જ છે.

૧૩૨. સાચો મોક્ષમાર્ગ કેવો છે?

તે શુદ્ધાત્માના જ આશ્રયે છે; રાગ વગરનો છે.

૧૩૩. વ્યવહાર કારણો છે તે કેવાં છે?

'ધર્માસ્તિકાયવત્' છે.

૧૩૪. અનંતવાર સ્વર્ગમાં જવા છતાં જીવ સુખ કેમ ન પામ્યો?

કેમકે તેણે આત્માજ્ઞાન ન કર્યું.

૧૩૫. નિશ્ચય સમ્યક્ત્વ કેવું છે?

તે સિદ્ધદશામય સદાય રહે છે.

૧૩૬. વ્યવહાર સમ્યક્ત્વ કેવું છે.?

રાગ છૂટતાં તે છૂટી જાય છે.

૧૩૭. આત્માનો સ્વભાવ રાગાદિથી સંયુક્ત છે?

ના; તે રાગાદિથી રહિત હોવા છતાં તેને રાગાદિથી સંયુક્ત માનવો તે અજ્ઞાનીઓનો મિથ્યાપ્રતિભાસ છે.

૧૩૮. ધર્મીને રાગ વખતે મોક્ષમાર્ગ છે?

હા; પણ રાગને કાંઈ તે મોક્ષમાર્ગ નથી માનતા.

૧૩૯. સાત તત્ત્વો કયા છે?

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ.

૧૪૦. આ સાત તત્ત્વનું સાચું સ્વરૂપ ક્યાં હોય?

જૈનમાર્ગમાં જ હોય; બીજામાં ન હોય.

૧૪૧. સમ્યગ્દ્રષ્ટિજીવ જૈનમાર્ગ સિવાય બીજાને માને?

ના; સ્વપ્નેય ન માને.

૧૪૨. સાતતત્ત્વની શ્રદ્ધા ક્યારે સાચી થાય?

શુદ્ધનયવડે તેમાંથી શુદ્ધાત્માને તારવી લ્યે ત્યારે.

૧૪૩. જીવતત્ત્વ કોને કહેવાય?

જે સદાય ઉપયોગસ્વરૂપ છે તે જીવ છે.

૧૪૪. જીવતત્ત્વ જગતમાં કેટલા છે? ....... અનંત.

૧૪૫. તે જીવોના કેટલા ભેદ પડે છે?

ત્રણ; બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા.

૧૪૬. બહિરાત્મા કેટલા છે? ....... અનંત..

૧૪૭. અંતરાત્મા કેટલા છે? ........ અસંખ્યાત.

૧૪૮. પરમાત્મા કેટલા છે? .......... અનંત......

૧૪૯. બહિરાત્મા કોણ છે?
બહારમાં શરીરને આત્મા માનનારા બહિરાત્મા છે.

૧૫૦. અંતરાત્મા કોણ છે?
અંતરમાં દેહથી ભિન્ન આત્માને જાણનારા અંતરાત્મા છે.

૧૫૧. પરમાત્મા કોણ છે?
પરમ એવા સર્વજ્ઞપદને પામેલા આત્મા તે પરમાત્મા છે.

૧૫૨. પરમાત્માના કેટલા પ્રકાર?
(૧) શરીરવાળા અરિહંત; (૨) શરીર વગરના સિદ્ધ.

૧૫૩. અરિહંત પરમાત્મા કેટલા છે?
..... લાખો.

૧૫૪. સિદ્ધપરમાત્મા કેટલા છે? ......... અનંત.

૧૫૫. અજીવ તત્ત્વના કેટલાં ભેદ છે?
પાંચઃ પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ.

૧૫૬. તેમાં રૂપી કેટલાં?.... એક પુદ્ગલ.

૧૫૭. આ શરીર, ઇન્દ્રિયો વગેરે શું છે?....તે બધી પુદ્ગલની રચના છે, જીવની નહીં.

૧૫૮. જીવ–અજીવ વગેરે તત્ત્વોને ક્યારે જાણ્યા કહેવાય?
તેમને એકબીજામાં ભેળવે નહિ ત્યારે.

૧૫૯. આત્માને જાણ્યા વગર પરને જાણી શકાય?
ના; તેને તો પરમાં આત્મબુદ્ધિ થઈ જાય.

૧૬૦. પુણ્યતત્ત્વનો સમાવેશ શેમાં થાય છે?
આસ્રવમાં અને બંધમાં; ધર્મમાં નહીં.

૧૬૧. શુભઆસ્રવો કેવા છે?
તે પણ સંસારનું જ કારણ છે તેથી છોડવા જેવા છે.

૧૬૨. સંવરતત્ત્વ કેવું છે?
તે સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવરૂપ છે.

૧૬૩. સાચી નિર્જરા કઈ રીતે થાય છે?
ઉપયોગની શુદ્ધતા વધવાથી.

૧૬૪. મોક્ષ એટલે શું?
જીવની સંપૂર્ણ જ્ઞાન અને સુખદશા તે મોક્ષ છે.

૧૬૫. તે મોક્ષદશા કેવી છે?
રાગ વગરની છે.

(ચાલુ)

# સર્વજ્ઞદેવના શાસનમાં
# જીવ -અજીવ બધી વસ્તુની સ્વતંત્રતાનો ઢંઢેરો

(સ્વ– પરનું ભેદજ્ઞાન, અથવા જીવ–અજીવનું ભેદજ્ઞાન તે જૈનધર્મનો મૂળ પાયો છે. કોઈ પણ મુમુક્ષુએ ધર્મસાધના માટે પરથી જુદો હું કેવો છું, ને મારું સાચું કાર્ય શું છે – તે સમજવું જોઈએ. જ્યાં સુધી પરથી પોતાની અત્યંત ભિન્નતાને ન સમજે, અને પરની ક્રિયામાં મારું જરાય કર્તૃત્વ નથી –એમ ન સમજે, ત્યાં સુધી જીવને સ્વસન્મુખ થઈને સ્વાનુભવનો પ્રસંગ આવી શકે નહિ.

અહીં, વસ્તુસ્વરૂપનો સિદ્ધાંત કહો કે જૈનધર્મનો સિદ્ધાંત કહો તે સમયસારમાં અલૌકિક રીતે સમજાવ્યો છે. જગતમાં ક્રિયા – કર્મ અને કર્તા એ ત્રણે સદાય અભિન્ન જ હોય છે, – એક જ વસ્તુમાં હોય છે, ભિન્ન ભિન્ન વસ્તુમાં હોતાં નથી – એ મહાસિદ્ધાંત સમજાવીને સ્વ–પરનું ભેદજ્ઞાન કરાવ્યું છે. તે આપ સમયસાર ગાથા ૮૫–૮૬ ના આ પ્રવચનમાં વાંચશો.)

પ્રથમ તો, વસ્તુસ્વરૂપનો આ મહાન સિદ્ધાંત છે કે –

**પરિણમન થવું તે ક્રિયા;**
**પરિણામ થયા તે કર્મ;**
**પરિણામી વસ્તુ તે કર્તા;**

– આવા ક્રિયા–કર્મ – કર્તા ત્રણે ભિન્ન નથી પણ એક વસ્તુરૂપ જ છે. આ રીતે અભિન્નપણું હોવાથી તેને બીજી ભિન્નવસ્તુઓ સાથે કંઈ પણ સંબંધ નથી. વસ્તુની આવી સ્વતંત્રતાનો ઢંઢેરો આચાર્યભગવાને અહીં પ્રસિદ્ધ કર્યો છે. આ મહાનિયમ જગતના બધા પદાર્થોને લાગુ પડે છે.

(૧) પ્રથમ તો જગતમાં જે કોઈ ક્રિયાઓ છે તે બધીયે પરિણામસ્વરૂપ છે, એટલે પરિણામથી તે જુદી નથી, પોતે પરિણામરૂપ જ છે. જેમકે જાણવારૂપ જે ક્રિયા જીવમાં થઈ તે ક્રિયા જ્ઞાનપરિણામસ્વરૂપ જ છે, જ્ઞાનપરિણામથી જુદી કોઈ જાણવાની ક્રિયા નથી; એટલે જે જાણવાની ક્રિયા છે તે જ્ઞાનપરિણામ જ છે.

(૨) હવે જે પરિણામ છે તે પણ પરિણામી વસ્તુથી જુદાં નથી, પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે. જેમકે જ્ઞાનપરિણામ છે તે આત્માથી અભિન્ન છે; આત્માથી જુદા જ્ઞાનપરિણામ નથી.

અહીં એક જ્ઞાનગુણની ક્રિયાની વાત કરી, તેમ આત્માના અનંતગુણોના પરિણામમાં પણ આત્માથી અભિન્નપણું અને પરથી ભિન્નપણું સમજવું. અનંતા

ગુણોમાં સમયેસમયે જે પરિણમન થઈ રહ્યું છે તે ક્રિયા છે, અને તે ક્રિયા તેના પોતાના પરિણામ સ્વરૂપ જ છે; તે પરિણામો પરિણામી-આત્માથી જુદા નથી, અભિન્ન છે. આ રીતે પરિણમનરૂપક્રિયાઓ તે વસ્તુથી અભિન્ન છે. ક્રિયા – કર્મ-કર્તા એ બધાં એક વસ્તુમાં સમાય છે, ભિન્ન વસ્તુમાં હોતા નથી. આવી વસ્તુની સ્વતંત્રતા છે. એ જ રીતે અજીવ પદાર્થોમાં પણ તેની અજીવ ક્રિયા, અજીવ કાર્ય અને અજીવ કર્તા – એ ત્રણે અભિન્ન છે; જુદાં નથી, એટલે જીવ તેનો કર્તા નથી.

આ રીતે સમસ્ત જીવ-અજીવ વસ્તુઓમાં ક્રિયા પરિણામથી જુદી નથી; પરિણામ પરિણામીથી જુદાં નથી; માટે –

(૩) જે કોઈ ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનવસ્તુથી ભિન્ન નથી. વસ્તુની ક્રિયા વસ્તુથી અભિન્ન છે. જેમકે જ્ઞાનક્રિયા જુદી નથી પણ અભિન્ન છે.

ક્રિયા અને વસ્તુને અભિન્નપણું છે, એવી વસ્તુસ્થિતિ હોવાથી, જીવ પોતાના ભાવોનો કર્તા-ભોકતા છે, પણ અન્ય વસ્તુના ભાવનો કર્તા – ભોકતા તે નથી. -આવું વસ્તુસ્વરૂપ સર્વજ્ઞભગવાને પ્રકાશ્યું છે.

વસ્તુની આવી સ્વતંત્રતા હોવા છતાં જેમ જીવ પોતાના ભાવમાં વ્યાપીને તેનો કર્તા-ભોક્તા થાય છે, તેમ તે જીવ પરમાં પણ વ્યાપીને તેનો કર્તા-ભોક્તા થાય એમ જે માને છે તે જીવ સ્વપરની ભિન્નતા નહિ દેખતો થકો સર્વજ્ઞદેવના મતની બહાર છે એટલે અજ્ઞાની છે; તે એક આત્માને જડ-ચેતનાદિ અનેક દ્રવ્યસ્વરૂપે માનતો થકો મિથ્યાદ્રષ્ટિ છે.

અરે ભાઈ! વસ્તુનું સ્વતંત્ર સ્વરૂપ તો તું વિચાર! તેને ઓળખતાં તને તારામાં તારા પરિણામ સાથે જ કર્તાકર્મપણું ભાસશે, ને બીજા બધામાંથી કર્તાબુદ્ધિ છૂટી જશે; એટલે જ્ઞાન પોતે જ્ઞાનરૂપે જ પરિણમશે.

ક્રિયા પોતાના કર્તાથી ભિન્ન ન હોય, પણ બીજાથી તો સર્વથા જુદી જ હોય. એ દ્રવ્યોની ક્રિયાઓ ભિન્ન જ હોય છે. જડની ક્રિયા અને જ્ઞાનની ક્રિયા – તે બંનેને જો આત્મા કરે તો આત્મા તે બંને ક્રિયાથી અભિન્ન ઠરે, એટલે જેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેમ તે જડસ્વરૂપ પણ થઈ જાય! એટલે જડ-ચેતનની ભિન્નતા જ ન રહે. માટે એક આત્માને ભિન્નભિન્ન બે ક્રિયાનો જે કર્તા માને તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

**આત્મા પોતાના જ્ઞાનપરિણામરૂપ ક્રિયાને કરે, પણ**
**આત્મા પારકા અજીવ પરિણામરૂપ ક્રિયાને કરે નહિ.**
**તેમજ આત્માના પરિણામને પણ બીજો ન કરે.**
**જો આત્માના પરિણામને બીજો કરે તો તે પરિણામને**
**અન્ય વસ્તુ સાથે પણ તન્મયતા થઈ જાય.**

માટે આ મહા સિદ્ધાંત છે કે દરેક પદાર્થ બીજાના કર્તા – કર્મ – ક્રિયાથી જુદો છે; દરેક પદાર્થ પોતાની પર્યાયથી – પોતાની ક્રિયાથી અભિન્ન છે; એટલે પદાર્થના પરિણામની ક્રિયાનો કર્તા અભિન્નપણે તે પદાર્થ પોતે જ છે, પણ બીજો કોઈ ભિન્ન પદાર્થ તેનો કર્તા નથી. કોઈ પદાર્થ બીજા પદાર્થની ક્રિયારૂપ થઈ શકે નહિ, એટલે તેને કરી શકે નહિ.

આત્મા પોતાની જ્ઞાનપર્યાયરૂપ પરિણમે છે. તે જ્ઞાનક્રિયાનો કર્તા આત્મા છે; ઇન્દ્રિયાદિ કોઈ પદાર્થો તેના કર્તા નથી; તેઓ તો જ્ઞાનક્રિયાથી બહાર છે, જુદા છે.

તેમ અજ્ઞાની પોતાના અજ્ઞાનમય રાગાદિ ભાવોને તન્મયપણે કરે છે, પણ તે જડકર્મને કરતો નથી. આત્મા પોતાના અજ્ઞાભાવને પણ કરે ને જડકર્મને પણ કરે –એમ માને તે જડ–ચેતનને એક માનનાર મિથ્યાદ્રષ્ટિ છે.

આ સ્વપરની ભિન્નતાની વાત કરી; તે ભિન્નતા સમજીને જે સ્વસન્મુખ થયો છે તે જ્ઞાનીને પોતાના અંતરમાં જે નિર્મળ જ્ઞાન–આનંદાદિ પરિણામો પ્રગટયા તેનો તે કર્તા છે; પણ તે જ્ઞાનાદિ પરિણામોથી જુદાં એવા રાગાદિનું કર્તાપણું તેના જ્ઞાનમાં નથી.

મિથ્યાદ્રષ્ટિને પોતાના અજ્ઞાનમય ક્રોધાદિ ભાવોની સાથે તન્મયપણું છે એટલે તેની સાથે કર્તાકર્મપણું તેને છે; પણ જડ સાથે તેને કર્તાકર્મપણું નથી, તેનાથી તો ભિન્નપણું છે.

જ્ઞાનીને પોતાના જ્ઞાનમય ભાવો સાથે તન્મયપણું છે, તેની સાથે કર્તાકર્મપણું છે; પણ રાગ સાથે કે જડ સાથે તે ધર્મીને કર્તાકર્મપણું નથી. તેનાથી તો ભિન્નપણું છે.

કોઈપણ ક્રિયાવાન પદાર્થથી તેની ક્રિયા કદી જુદી હોતી નથી પણ અભિન્ન જ હોય છે – આવી – વસ્તુસ્થિતિ સદા જયવંત છે, તેને કોઈ ફેરવી શકે નહિ; એટલે કોઈ પણ પદાર્થ પોતાથી જુદી ક્રિયાને કરી શકે નહિ. આત્મા જડની, શરીરની, બોલવાની વગેરે કોઈ ક્રિયાને કરી શકે નહિ, ને આત્માની ક્રિયાને બીજો કોઈ કરી શકે નહિ. જડની બધી ક્રિયાઓ જડ સાથે તન્મય, તેનો કર્તા જડ; અને સદોષ કે નિર્દોષપરિણામરૂપ આત્માની બધી ક્રિયાઓ આત્મા સાથે તન્મય, તેનો કર્તા આત્મા. –આમ વસ્તુસ્થિતિથી જ જડ–ચેતનની ક્રિયાનું અત્યંત ભિન્નપણું પ્રકાશે છે. સ્વ–પરની ભિન્નતા વસ્તુસ્વરૂપથી જ છે.

જે પદાર્થ જે ક્રિયારૂપે પરિણમે તેની સાથે જ તે તન્મય હોય, તેનાથી જુદો ન જ હોય. આત્મા જેમ જ્ઞાનક્રિયા કરે છે તેથી તે જ્ઞાન સાથે તન્મય છે, તેનાથી જુદો નથી – તેમ જો આત્મા જડકર્મ વગેરેની ક્રિયાને પણ કરે તો તે જડ સાથે પણ તન્મય થઈ જાય, જડથી જુદો રહી ન શકે. – તે તો સર્વજ્ઞના મતથી વિરુધ્ધ થયું એટલે મિથ્યાત્વ થયું. તે મિથ્યાદ્રષ્ટિજીવ પોતાને ચેતન અને જડ એવા અનેક દ્રવ્ય રૂપે માને

છે - તેથી તે સર્વજ્ઞના મતથી બહાર છે, કેમકે સર્વજ્ઞદેવે તો જડ- ચેતનને ત્રિકાળ અત્યંત ભિન્ન કહ્યાં છે.

આત્મા પોતાના ભાવને કરે -ભોગવે, અને બીજાની ક્રિયાને પણ કરે-ભોગવે, એટલે એક આત્મા તે સ્વ અને પર એમ બે પદાર્થની ક્રિયાને કરે ને ભોગવે - એમ માનનાર જીવ સ્વ-પરની જુદાઈને નહિ જાણતો થકો જૈનમતથી બહાર છે. સર્વજ્ઞનો મત કહો કે જૈનમત કહો, તેમાં તો જિનભગવાને સ્વ-પરને જુદા જ કહ્યાં છે, સ્વપરની ક્રિયાઓ જુદી જ કહી છે, તેમને એક બીજા સાથે કર્તા-કર્મપણું હોતું નથી.

જ્ઞાની તો રાગથી ભિન્ન જ્ઞાનરૂપે પરિણમતો થકો, જ્ઞાનરૂપે જ પોતાને કરે છે ને જ્ઞાનરૂપે જ અનુભવે છે.

અજ્ઞાની અજ્ઞાનપણે પણ રાગાદિ ભાવોને કરતો પ્રતિભાસો, -પણ અજ્ઞાનથી પણ તે પુદ્ગલકર્મને કરતો ન ભાસો. બે દ્રવ્યની ક્રિયાને કોઈ કરી શકે નહિ.

જુઓ તો ખરા, વસ્તુના સ્વરૂપની સ્વતંત્રતા!

કર્તા કોણ છે? - કે જે પદાર્થ પોતે કાર્યરૂપે પરિણમે છે તે પરિણમનાર જ કર્તા છે.

કર્તાનું કર્મ શું છે? - કે પદાર્થ જે પરિણામરૂપે પરિણમે છે તે પરિણામ જ તેનું કર્મ છે.

કર્તાની ક્રિયા કઈ છે? -પરિણામના પલટવારૂપ પરિણતિ તે જ તેની ક્રિયા છે.

આ કર્તા - કર્મ - ક્રિયા કેવાં છે? - એ ત્રણે એક જ પદાર્થને આશ્રિત છે, તેથી અભિન્ન છે; જુદાં - જુદાં નથી.

અભિન્ન છે એટલે કે જુદાં નથી - માટે બીજો તેનો કર્તા નથી. જો એકની ક્રિયાનો બીજો કર્તા હોય તો તો કર્તા - કર્મ - ક્રિયા અભિન્ન ન રહેતાં ભિન્ન થઈ જાય. - પણ એવો તો સર્વજ્ઞનો મત નથી. સર્વજ્ઞદેવે તો કર્તા - કર્મ ક્રિયાને ખરેખર એક જ વસ્તુમાં અભિન્ન બતાવ્યાં છે. અને અમે પણ સર્વજ્ઞને અનુસરનારા હોવાથી અમને પણ એવું જ વસ્તુસ્વરૂપ પ્રતિભાસે છે. ભિન્ન-ભિન્ન વસ્તુઓમાં કર્તા કર્મપણું અમને પ્રતિભાસતું નથી. આથી વિરુધ્ધ જે માને તે સર્વજ્ઞના મતને અનુસરનારો નથી એટલે સર્વજ્ઞના મતથી બહાર છે.

દ્રષ્ટાંતઃ - જેમકે માટીમાં એક ઘડો થયો. ત્યાં-

ઘડાનો કર્તા કોણ છે? કે માટી પોતે તે ઘડારૂપ થાય છે માટે માટી જ ઘડાની કર્તા છે. કુંભાર ઘડાનો કર્તા નથી, કેમકે કુંભાર પોતે કાંઈ ઘડારૂપ થતો નથી.

કર્તા માટી, તેનું કર્મ ઘડો છે. પણ તે ઘડો કાંઈ કુંભારનું કાર્ય નથી, કેમકે તે કાંઈ કુંભારના પરિણામ નથી. કુંભારના ક્રોધાદિ પરિણામ કુંભારમાં રહ્યા, તે ઘડામાં

આવ્યા નથી. માટીના શીતળતાદિરૂપ પરિણામ ઘડામાં આવ્યા છે. એટલે ઘડો તે માટીનું કાર્ય છે.

ઘડો થવારૂપ જે ક્રિયા છે તે ક્રિયા માટીમાં થાય છે, એટલે તે ક્રિયા માટીની છે; તે ઘડો થવાની ક્રિયા કાંઈ કુંભારમાં થતી નથી, એટલે તે ક્રિયા કુંભારની નથી ઘડો થવાની ક્રિયા કુંભારથી જુદી છે ને માટીથી અભિન્ન છે.

આ રીતે ઘડો થવામાં કર્તા – કર્મ અને ક્રિયા – એ ત્રણે એક જ માટીવસ્તુને આશ્રિત છે, માટીથી તે અભિન્ન છે. જુદાંજુદાં નથી.

માટીનો ઘડો માટીથી અભિન્ન છે, – જુદો નથી, માટે માટીથી જુદો બીજો કોઈ તેનો કર્તા નથી; ઘડાથી જુદો કુંભાર તે ઘડાનો કર્તા નથી. જો ઘડાની ક્રિયાનો કુંભાર કર્તા હોય તો તો કર્તા–કર્મ અને ક્રિયા એક અભિન્ન વસ્તુમાં ન રહેતાં ભિન્ન ભિન્ન વસ્તુમાં થઈ જાય. કર્તા કુંભાર ને તેનું કાર્ય માટીમાં – એમ હોય નહિ. કુંભારના કર્તા – કર્મ – ક્રિયા ત્રણે કુંભારમાં, ને ઘડાના કર્તા – કર્મ –ક્રિયા ત્રણે માટીમાં, –એમ બે વસ્તુનું (અને એ એ રીતે જગતમાં જડ – ચેતન બધીયે વસ્તુનું) ભિન્નપણું સર્વજ્ઞદેવના શાસનમાં અત્યંત સ્પષ્ટપણે પ્રકાશે છે; સર્વજ્ઞનો અનુયાયી સાધક પણ આવું જ સ્વાધીન – સ્વતંત્ર વસ્તુસ્વરૂપ જાણીને ભેદજ્ઞાનવડે નિજ સ્વરૂપને સાધે છે.




સુરતના ભાઈશ્રી કાંતિલાલ હરગોવિંદદાસ રેશમવાળા તા. ૧૪-૧૦-૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે; તેમજ સુરતના હીરાબેન પ્રેમચંદ તા. ૮-૧૦-૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈના ભાઈશ્રી રતિલાલ વૃજલાલ મોદી (તેઓ શાંતાબેન ટોળિયાના મોટા ભાઈ) તા. ૧૧-૧૦-૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ મુંબઈ પધારે ત્યારે તેમને ઘણો ઉત્સાહ થતો.

વાંકાનેરના શ્રી વસુમતી બહેન (તેઓ સુમતીચંદ્ર છગનાલ શાહનાં ધર્મપત્ની) તા. ૨૬-૮-૭૨ ના રોજ મદ્રાસ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. (આ સમાચાર વિલંબથી મળવાને કારણે મોડા પ્રગટ થાય છે.)

- સ્વર્ગસ્થ આત્માઓ દેવ-ગુરુ-ધર્મના શરણે આત્મહિત પામો.

(નોંધઃ - આ વિભાગ માટે સંપાદકને લેખિત મળેલા હોય તે જ સમાચાર છપાય છે. અને તે પણ વખતસર મળી જવા જરૂરી છે.)




ગતાંકમાં પૂછેલા કોયડાનો જવાબ છે – ‘કાનજીસ્વામી’. કોયડાનો જવાબ શોધીને ઘણા સભ્યોએ હોંશથી લખી મોકલ્યો છે, તે માટે ધન્યવાદ. બંધુઓ, પહેલાં તમે ભલે કોયડા વાંચો – પણ પછી આખું આત્મધર્મ વાંચજો તેથી વિશેષ લાભ થશે.

| બંધબેસતો શબ્દ શોધીને ખાલી ખાનામાં લખો - | | |
|---|---|---|
| ૧. | શત્રુંજય સિદ્ધક્ષેત્ર | |
| ૨. | સમયસારનો ભાઈ | |
| ૩. | મહાવીર પ્રભુનો મોક્ષ | |
| ૪. | આત્માનો સ્વભાવ | |
| ૫. | સિંહભવમાં આત્માની ઓળખાણ | |
| ૬. | મોક્ષનું મૂળ | સમ્યગ્દર્શન |
| ૭. | ધર્મરાજાનો દરબાર | |
| ૮. | શરીરવગરની સુંદર વસ્તુ | |
| ૯. | ગૌતમ સ્વામીનું નામ | |
| ૧૦. | મોક્ષમાં જવાનું વિમાન | |

ઉપર દસ ખાનામાં જે લખ્યું છે તે વાંચીને, તેની સાથે બંધબેસતો શબ્દ નીચેના શબ્દમાંથી શોધવો; અને ખાલી ખાનામાં લખવો –

(૩) દીવાળી; (૪) જ્ઞાન; (૬) સમ્યગ્દર્શન; (૮) સિદ્ધભગવાન; (૧) પાંચપાંડવમુનિ; (૨) નિયમસાર; (૭) સમવસરણ: (૯) ઇન્દ્રભૂતિ: (૧૦) રત્નત્રય; (૧૧) મહાવીરભગવાન. (નમૂના માટે છઠ્ઠા નંબરના ખાનાંનો શબ્દ અમે લખી આપ્યો છે. તે પ્રમાણે બીજા શબ્દો શોધતાં તમને નવું નવું જાણવા મળશે, ને મજા પડશે.) (વડીલો! આપ બાળકોને માર્ગદર્શન ભલે આપો, પણ શબ્દ તો બાળક પાસે જ શોધાવજો, તથા તે સંબંધી વિગતવાર માહિતી તેને સમજાવજો.)

બાલબંધુઓ ! ધાર્મિકજ્ઞાન માટે તમારો ઉત્સાહ દેખીને આનંદ થાય છે. આ વખતે તમને વિશેષ મજા આવે ને નવું જાણવાનું મળે તેવા પ્રશ્ન પૂછ્યા છેઃ-

## બે વસ્તુ

પ— — — — પ— — — —

- બંધુઓ, તમારે બે વસ્તુ શોધવાની છે.
- બંને વસ્તુ અત્યંત સૂક્ષ્મ છે, ઇન્દ્રિયથી જણાય તેવી નથી.
- એક ચાર અક્ષરની છે, બીજી સાડાચાર અક્ષરની છે.
- બંને વસ્તુઓની સંખ્યા આ જગતમાં અનંત છે.

**બંનેના પહેલાં ત્રણ અક્ષરો સરખા છે. છતાં બંનેનો સ્વભાવ એકબીજાથી તદ્દન ઊલટો છે. એક વસ્તુમાંથી શરીર બને છે, બીજી વસ્તુમાંથી ભગવાન બને છે. બંનેનો પહેલો અક્ષર 'પ' છે. વડીલોને પૂછીને લખવાની છૂટ છે.**

## અમે જિનવરનાં સંતાન

### નવા સભ્યોના નામ ( અંક ૩૪૦ થી ચાલુ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦૨૨ | સુધર્માબેન મનુસખલાલ જૈન | સોનગઢ | ૩૦૩૮ | મીનાકુમારી નગીનદાસ | સરનામું લખો |
| ૩૦૨૩ | સુવર્ણાબેન ઉમેદરાય જૈન | સોનગઢ | ૩૦૩૯ | જીતેન્દ્રકુમાર નગીનદાસ જૈન | '' |
| ૩૦૨૪ | ઉષાકુમારી નગીનદાસ જૈન | ધોરાજી | ૩૦૪૦ | મીનલબેન નગીનદાસ જૈન | '' |
| ૩૦૨૫ | દિપકુમાર નગીનદાસ જૈન | ધોરાજી | ૩૦૪૧ | હેમંતકુમાર નગીનદાસ જૈન | '' |
| ૩૦૨૬ | નીલમકુમારી નગીનદા જૈન | ધોરાજી | ૩૦૪૨ | અતુલકુમાર મહાસુખલાલ જૈન | વડોદરા |
| ૩૦૨૭ | નીલેશકુમાર નગીનદાસ જૈન | ધોરાજી | ૩૦૪૩ | રેખાબેન મહાસુખલાલ જૈન | વડોદરા |
| ૩૦૨૮ | પ્રફૂલ્લ નવનીતરાય જૈન | મુંબઈ | ૩૦૪૪ | પ્રફુલાબેન લાલચંદ જૈન | મુંબઈ–૬૪ |
| ૩૦૨૯ | વંદનાબેન નવનીતરાય જૈન | મુંબઈ | ૩૦૪૫ | સુવર્ણાબેન લાલચદ જૈન | મુંબઈ–૬૪ |
| ૩૦૩૦ | અમીચંદ કરશનદાસ જૈન | મુંબઈ | ૩૦૪૬ | કલ્પનાબેન લાલચંદ જૈન | મુંબઈ–૬૪ |
| ૩૦૩૧ | ગોપાલજી કરશનદાસ જૈન | મુંબઈ | ૩૦૪૭ | છોટાલાલ અચરતલાલ જૈન | મુંબઈ |
| ૩૦૩૨ | દીલીપકુમાર ગોપાલજી જૈન | મુંબઈ | ૩૦૪૮ | હરસુખલાલ અચરતલાલ જૈન | મુંબઈ |
| ૩૦૩૩ | રેખાબેન ગોપાલજી જૈન | મુંબઈ | ૩૦૪૯ | ઉષાબેન રમણીકલાલ જૈન | લાઠી |
| ૩૦૩૪ | નગીનદાસ અચરતલાલ જૈન | મુંબઈ | ૩૦૫૦ | ભરતકુમાર રમણીકલાલ જૈન | લાઠી |
| ૩૦૩૫ | રંજનબાળા શાંતિલાલ જૈન | અમરેલી | ૩૦૫૧ | ભૂપેન્દ્રકુમાર રમણીકલાલ જૈન | લાઠી |
| ૩૦૩૬ | હંસાબેન શાંતિલાલ જૈન | અમરેલી | ૩૦૫૨ | કમલેશકુમાર રમણીકલાલ જૈન | લાઠી |
| ૩૦૩૭ | હર્ષદાબેન શાંતિલાલ જૈન | અમરેલી | ૩૦૫૩ | રાજકુમાર સુરેશભાઈ જૈન | મુંબઈ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦૫૪ | પીયુષકુમાર સુરેશભાઈ જૈન | મુંબઈ | ૩૦૬૦ | મનોજકુમાર કોદરલાલ જૈન | ચોરીવાડ |
| ૩૦૫૫ | આશાબેન સી. પારેખ જૈન | મુંબઈ | ૩૦૬૧ | પ્રવિણકુમાર જીવરાજ જૈન | ચોરીવાડ |
| ૩૦૫૬ | વિજયકુમાર જયંતિલાલ જૈન | જેતપુર | ૩૦૬૨ | નગીનકુમાર સાકળચંદ જૈન | ચોરીવાડ |
| ૩૦૫૭ | રાજેશકુમાર જયંતિલાલ જૈન | જેતપુર | ૩૦૬૩ | અનીલકુમાર કોદરલાલ જૈન | ચોરીવાડ |
| ૩૦૫૮ | દીલીપકુમાર જીવરાજ જૈન | ચોરીવાડ | ૩૦૬૪ | વિનોદકુમાર ભોગીલાલ જૈન | ચોરીવાડ |
| ૩૦૫૯ | મીનાક્ષીબેન જીવરાજ જૈન | ચોરીવાડ | ૩૦૬૫ | કેતનકુમાર જયંતિલાલ જૈન | ચોરીવાડ |

(બાલસભ્યોનાં બાકીના નામો આવતા અંકમાં આપીશું;)

(આત્મધર્મ – પ્રચાર માટે આવેલ રકમોનું લીસ્ટ પણ આવતા અંકે આપીશું.)

આત્મધર્મ-બાલવિભાગના સભ્ય થવા માટે નીચેની વિગતો એક પોસ્ટકાર્ડમાં લખી મોકલો –

**(નામ તથા પિતાનું નામ અને સરનામું; ઉંમર, અભ્યાસ અને જન્મદિવસ)**

**સભ્ય થવા માટે કાંઈ ફી નથી. તમે ધર્મસંસ્કારમાં રસ લ્યો – એ જ ઉત્તમ ફી છે. બાલવિભાગને લગતી માહિતી આત્મધર્મમાં આવતી હોવાથી, આત્મધર્મ મંગાવવું જરૂરી છે.**

- **આપણે મહાવીરનાં સંતાનોએ... નીચેની ચાર વાતનું પાલન કરવું જોઈએ –**

**૧. હંમેશાં ભગવાનનાં દર્શન કરવા. (જિનમંદિર ન હોય ત્યાં ભાવથી ભગવાનને યાદ કરીને દર્શન કરવા.**

**૨. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો; સારા શાસ્ત્રો વાંચવા. નોવેલ કે ખરાબ સાહિત્ય વાંચવું નહીં; કેમકે તેથી ખરાબ સંસ્કાર પડે છે.**

**૩. રાત્રે ખાવું નહીં. રાત્રે ખાવામાં ત્રસહિંસાનું વિશેષ પાપ છે. ભલે મુંબઈ જેવા શહેરમાં રહેતા હોય – પણ જો મક્કમતા હોય તો રાત્રે ખાવાનું છોડી દેવું તે સહેલી વાત છે.**

**૪. સીનેમા જોવી નહીં; આજના નાટક સિનેમામાં એકલા વિષય – કષાયના ખરાબ સંસ્કારનું પોષણ થાય છે; મુમુક્ષુને તે જરાય શોભે નહીં.**

(આ ચાર વસ્તુનું પાલન કરવું કાંઈ અઘરું નથી; તમે જરાક ઉત્સાહથી પ્રયત્ન કરશો તો ચારે વાત સહેલી લાગશે.)

# પ્રાંતિજના ધાર્મિક શિક્ષણશિબિર – સમાચાર–

હમણાં ગુજરાતમાં જૈનધર્મ શિક્ષણશિબિર દ્વારા ખૂબ ધાર્મિક જાગૃતી આવતી જાય છે, ને નાના–મોટા સૌને જૈનસિદ્ધાંતનું જ્ઞાન અત્યંત જરૂરી છે – એ વાત સૌને સમજાતી જાય છે. ગત માસમાં ગુજરાતમાં પ્રાંતિજ મુકામે છઠ્ઠી શિક્ષણ–શિબિરનું આયોજન થયું હતું. અહીં હજારવર્ષ જુનું દિ. જિનમંદિર છે; સવારથી રાત સુધી ધાર્મિકશિક્ષણનો કાર્યક્રમ ભરચક રહેતો, ને હજાર ઉપરાંત ભાઈ – બેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. અને આ રીતે દરવર્ષે ગુજરાતમાં અધ્યાત્મિક શિક્ષણશિબિર ખોલાય તે માટે પાંચવર્ષ સુધી દર વર્ષે પાંચહજાર રૂપિયા આપવાનું પ્રાંતિજના ભાઈશ્રી મીઠાલાલ મગનલાલે જાહેર કર્યું હતું.

ગુજરાત – વીતરાગવિજ્ઞાન–વિદ્યાપીઠની પરીક્ષાઓ જાન્યુઆરી માસના અંતમાં લેવાશે. તો દરેક ગામની પાઠશાળાના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી તથા તે માટેના ફોર્મ નીચેના સરનામેથી મંગાવી લેવા:–

**( દિગંબર જૈન મંદિર, ખાડીયા પોસ્ટ સામે, અમદાવાદ: ૧ )**

રાજકોટના એડવોકેટ શ્રી મણિભાઈ ઉદાણી લખે છે કે – "આત્મધર્મ" – માસિક હું હંમેશાં નિયમીત અને ભાવનાપૂર્વક વાંચું છું. તેમાં આત્માનું સત્ય સ્વરૂપ સમજાવવામાં આવે છે. પૂજ્યપાદ આત્મજ્ઞાની મહારાજશ્રી જે મોક્ષનો માર્ગ બતાવી રહ્યા છે તે વાંચી આત્માને ઘણો આનંદ થાય છે અને ઘણું જ્ઞાન મળે છે. આત્મધર્મમાં આવા ઉત્તમ લેખો આપવા માટે હું ઘણા ધન્યવાદ આપું છું."

**આ જરા ધ્યાનમાં લેવા જેવું છે –**

- પરમ અહિંસામય વીતરાગશાસનમાં મુમુક્ષુનાં પરિણામ વધુ ને વધુ ઉજ્જવળ થતા જાય છે ને સંસારથી વિરક્ત થતા જાય છે; એટલે ત્રસહિંસાદિ તીવ્ર કષાયનાં કાર્યોથી તે દૂર રહે છે. ગુરુદેવ ઘણીવાર કહે છે કે અરે, રાત્રિભોજનમાં તો ત્રસહિંસા છે, મુમુક્ષુને રાતે ખાવાનું કે રાંધવાનું પણ શોભે નહીં. એ જ રીતે રાતે વીજળીના પ્રકાશમાં ઘણા ત્રસ જીવોની હિંસા થતી હોય તો તે પ્રકારે વીજળીનો ઉપયોગ પણ કરવો ન જોઈએ. રાત્રિના ભાગમાં કે વહેલી પરોઢે અંધારામાં જિનમંદિરમાં પૂજન–અભિષેક સંબંધી ક્રિયાઓ થવી ન જોઈએ. કદાચ થોડી મુશ્કેલી પડે તોપણ, બધા જિનમંદિરોમાં શુદ્ધ આમ્નાય જાળવવા માટે, અને ત્રસહિંસાથી બચવા માટે ઉપર પ્રમાણે કરવું જરૂરી છે.

# નાના નાના ટૂચકા...... સ્વાદ આપે છે સુખકા

સાચો મારો આતમરામ,
દુનિયાનું મારે શું કામ ?

ચેતન મારું લક્ષણ ખાસ,
વીતરાગતાનો જ્યાં વાસ.

સુખ - સુખ બસ ! સુખ જ હું,
સ્વયં મારાથી તૃપ્ત જ છું.

સ્વદ્રવ્યે જો પ્રીતિ જોડ,
ચારગતિનાં બંધન તોડ.

સમયપ્રાભૃત છે જિનવાણ,
આત્મસ્વરૂપ પ્રકાશક ભાણ.

પંચપરમેષ્ઠી મારા મિત્ર,
દૂર રહો સંસાર વિચિત્ર.

રત્નત્રય છે મારું ધન,
ધન વિના જગ છે નિર્ધન.

શુદ્ધોપયોગી સંતો તમે,
જીવન તમારું મને ગમે.

જ્ઞાનભાવ છે સુખનું ધામ;
રાગભાવનું શું છે કામ ?

સુખનું પૂર દુઃખથી દૂર,
બિરાજે પ્રભુ મારે હજૂર.

આનંદતત્ત્વ જગમાં અજોડ,
લક્ષને જોડ ભવને તોડ.

આત્મસ્વરૂપ તો ગમે ગમે..
નિજ આનંદમાં રમે રમે...

જ્ઞાનસ્વરૂપે આત્મા ગા....
સુખ ચાહે તો અંદર જા...

સુખસાગરનાં આવ્યાં પૂર,
દુઃખ બધાં તો ભાગ્યાં દૂર.

વીતરાગતા છે સાચું સુખ,
રાગમાં ભર્યું એકલું દુઃખ.

આત્મધર્મ

# ત્રીસમા વર્ષનો પ્રારંભ

પૂ. ગુરુદેવનાં અધ્યાત્મરસઝરતાં પ્રવચનો ઝીલીને મુમુક્ષુઓને પહોંચાડતું, અને એ રીતે જિનવાણીનું રહસ્ય સમજાવતું, આપણું સૌનું પ્રિય માસીક આજે ત્રીસમાં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. આ પ્રસંગે શ્રી વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્રને પરમ ભક્તિથી હૈયામાં પધરાવીને નમસ્કાર કરીએ છીએ.

હિંદી–ગુજરાતી મળીને આત્મધર્મના છહજાર જેટલા ગ્રાહકો છે, ને દરેક અંક સરેરાશ પાંચ જિજ્ઞાસુઓ વાંચતા હોય છે, એટલે દરમહિને નાના–મોટા ત્રીસહજાર જેટલા પાઠકોને અનુલક્ષીને આત્મધર્મનું લેખન–સંપાદન થાય છે; તેથી, સૌને સમજાય, સૌને આત્મહિતની પ્રેરણા મળે, ધર્મસંબંધી વિવિધ જ્ઞાન મળે, દેવ–ગુરુ–ધર્મનો મહિમા પ્રસિદ્ધ થાય, સાધર્મી–વાત્સલ્ય વધે ને જનસમાજના હજારો નાનાં બાળકો પણ ઉત્તમ ધર્મસંસ્કાર મેળવે,–એ રીતે નાનામોટા વિવિધ લેખોનું સંકલન કરીને આત્મધર્મને સર્વાંગ સુંદર બનાવવાનો હાર્દિક પ્રયાસ કરવામાં આવે છે. તેમાં સર્વે સાધર્મીઓનો સહકાર તથા સલાહ–સૂચનાઓ પ્રેમપૂર્વક આવકારવામાં આવે છે. આપ પણ આપના સલાહ–સૂચનો ખુશીથી મોકલી શકો છો. આત્મધર્મના પ્રચારમાં ને વિકાસમાં આપણે સૌ સાથે જ છીએ.

આત્મધર્મના સરેરાશ ૪૦ પાનાં અપાય છે. (પોસ્ટખર્ચની રાહત ખાતર એક વખત ૩૨ તથા બીજી વખત ૪૮ પાનાં છપાય છે.) વાર્ષિક લવાજમ ચાર રૂપિયા છે. લવાજમ ગમે ત્યારે ભરાય. પણ કારતકથી આસો સુધીનું લવાજમ લેવામાં આવે છે, અને પાછલા અંકો સ્ટોકમાં હોય ત્યાં સુધી અપાય છે.

અંક દરમહિનાની દશમી તારીખે સોનગઢથી પોસ્ટ થાય છે. એટલે પંદરમી તારીખ સુધીમાં આપને અંક ન મળે તો, આપના પૂરા સરનામા સાથે કાર્યાલયને (આખર તારીખ સુધીમાં) લખવાથી આપને અંક મોકલવામાં આવશે. પણ ત્યાર પહેલાં આપ એટલે ખાતરી કરી લેશો કે આ સં. ૨૦૨૯ ની સાલનું નવું લવાજમ આપે ભરી તો દીધું છે ને!

હજારો જિજ્ઞાસુઓનાં હાર્દિક સહકારને લીધે આત્મધર્મ વધુ ને વધુ પ્રગતિ કરી રહ્યું છે. હજી પણ વધુ ને વધુ જિજ્ઞાસુઓ પ્રેમથી આત્મધર્મનો લાભ લ્યે ને આત્મહિતકારી અધ્યાત્મસંસ્કાર વડે પોતાના જીવનને શોભાવે, – એવી ભાવના ભાવીએ છીએ. – "જયજિનેન્દ્ર"

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૩૨૫૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ(સૌરાષ્ટ્ર) : કારતક (૩૪૯)

આ અંકનો વધારો-

# નિવેદન

પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પુનિત પ્રતાપે ગામોગામ શાસ્ત્ર-સ્વાધ્યાયની રુચિ નિરંતર વૃદ્ધિ પામતી જાય છે. તેમાં પણ અધ્યાત્મ શાસ્ત્રોનાં વાંચન-શ્રવણ-મનન પ્રત્યે, આત્મહિતના લક્ષે, લોકોમાં વિશેષ જાગૃતિ આવી રહી છે તે અતિ આનંદનું કારણ છે.

સોનગઢ સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી આવાં શાસ્ત્રો ઘણી મોટી સંખ્યામાં પ્રસિદ્ધ થતાં રહે છે અને તેનું વેચાણ પણ તાત્કાલિક થઈ જાય છે એ મુમુક્ષુઓની અભિરુચિ સૂચવે છે.

શ્રી સમયસારજી શાસ્ત્રની ૨૧૦૦ પ્રતિ સં. ૨૦૨૫ માં છપાઈ હતી. તે છપાયા બાદ થોડા જ સમયમાં વેચાઈ ગયેલ. પૂ. ગુરુદેવશ્રીએ સભામાં આ શાસ્ત્ર ઉપર ૧૭ વખત પ્રવચનો આપ્યાં છે. તેથી તેનો પ્રચાર-પ્રસાર ઘણો થઈ ગયો છે, અને તત્ત્વરુચિવાળા જીવો તરફથી તે શાસ્ત્રની મોટી માંગ આવ્યા કરે છે. થોડા જ વખતમાં તે શાસ્ત્રની ગુજરાતી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનો નિર્ણય સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે લીધો છે. તેના ગ્રાહકો અગાઉથી નોંધાઈ જાય તેટલા પ્રમાણમાં તે શાસ્ત્ર છપાવી લેવાનો વિચાર છે. બે શહેરના મુમુક્ષુમંડળે લગભગ ૧૦૦૦ પ્રત ખરીદી લેવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આપના ગામના મુમુક્ષુ મંડળને કેટલી પ્રતની આવશ્યકતા છે તે તાત્કાલિક આપ સ્વાધ્યાય મંદિરને લખી જણાવશો એટલે તે મુજબ તે શાસ્ત્ર છપાવી લેવાય અને બધાને સંતોષ થાય તેટલી પ્રત મળી જાય.

સાહિત્ય પ્રકાશન સમિતિ.
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)